પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

# હરિભાવ

વર્ષ : ૧૮ - અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૪



**શબ્દપ્રાગટ્યનું મૂળ - નાભિ, કંઠ અને મૂર્ધન્ય. એ બધાં આપણા શરીરની અંદર રહેલાં છે અને બ્રહ્મરંધ્ર અથવા તો હૃદય સાથે સંકળાયેલાં છે. ગીતામાતામાં પણ કહેલું છે કે, 'હું હૃદયમાં છું'. એ શારીરિક હૃદય નહિ પણ છાતીની વચમાં જે ખાડો હોય છે ત્યાં.**

- શ્રીમોટા

*'મૌનમંદિરમાં પ્રભુ', છઠ્ઠી આ., પૃ. ૫૬*



'દેહનાં નવ દ્વાર તે નવ નોરતાં અને દશમું દ્વાર તે બ્રહ્મરંધ્ર. કામ, ક્રોધ, લોભ, મોહ વગેરેને જીતી આત્મપ્રાપ્તિ કરે એ સાધકનો દશેરા'.
'મનરૂપી માણેક પરમાત્મામાં સ્થિર થાય એ માણેકઠારી પૂનમ અને આ આધ્યાત્મિક રહસ્ય સમજી હરિનું ભજન કરવું તે દિવાળી.'

- સંતરામ મહારાજ

'માનવ', જાન્યુઆરી ૨૦૧૪, પૃ. ૮ માંથી સાભાર

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૮ અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૪

**ટ્રસ્ટીમંડળ**

શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**પૂછપરછ : સંપર્ક : ૧૧-૦૦ થી ૬-૦૦ સુધી**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | ભારત | પરદેશ (ઍરમેઈલથી) |
|---|---|---|
| વાર્ષિક | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ માટે :**
બૅંકનું નામ : યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ
ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. પદ્યપ્રસાદી .................................... શ્રીમોટા ૪
૨. વૈશ્ય-ઋષિ ................................ જયભિખ્ખુ ૫
૩. આત્મહત્યા કરવી એ મૂર્ખામી છે .............. શ્રીમાતાજી ૬
૪. સત્સંગનો સ્પર્શ ............................... શ્રીમોટા ૭
૫. સરદાર સ્મારક ........................ શ્રી દિનકર જોષી ૮
૬. પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી-(૫) ............... શ્રીમોટા ૧૦
૭. મૃત્યુની રેડ ............................ શ્રીમદ્ રાજચંદ્ર ૧૩
૮. 'નામ'નો મહિમા : શ્રીરમણ મહર્ષિ .......... સૂરિનાગમ્મા ૧૪
૯. વચનામૃત ......................... તપસ્વી સહલ તસ્તરી ૧૫
૧૦. યોગ એટલે શું ? (૩) ............. શ્રી બિપીનભાઈ ગામી ૧૬
૧૧. પ્રેત વિદ્યા .................................... શ્રીમોટા ૧૮
૧૨. નારી અબળા નહિ સબળા છે ! ............ ડૉ. સુધીર મોદી ૧૯
૧૩. ધર્મયુગના ઉદ્ગાતા : શ્રીમોટા ......... શ્રી વિજયગુપ્ત મૌર્ય ૨૧
૧૪. લેખકના બે બોલ : નર્મદાપદે ................... શ્રીમોટા ૨૩
૧૫. ઘૂ...ઘૂ...ઘૂ... ....................... કવિ મીન પિયાસી ૨૪
૧૬. પૂજ્ય શ્રીમોટાના જીવન અંગે-
વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા .............. શ્રી યશવંતભાઈ પટેલ ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પૂર્વેના વ્યક્ત શબ્દથી પ્રેરણા પામીને પ્રારંભમાં સને ૧૯૭૬થી અમદાવાદ-નરોડા ખાતે નામસ્મરણ કર્યા બાદ સને ૨૦૦૨ની વસંત પંચમીથી સુરતનાં સદ્ભાવી સ્વજનોમાં થતા જપયજ્ઞને સને ૨૦૧૪ની વસંત પંચમીએ પૂરાં થતાં બાર વર્ષના સીમાચિહ્ન નિમિત્તે **શ્રી જયંતીભાઈ જાની અને પરિવાર** (અમદાવાદ) તરફથી 'હરિભાવ'ના આ અંક માટે જ્ઞાનદાનનો સહયોગ અપાયો છે, તે બદલ અમો તેઓના ખૂબ ખૂબ આભારી છીએ.

-સંપાદક

(અનુષ્ટુપ)

'પોતાનું એકલું માત્ર સુખને વાંછીને હૃદે,
બીજાનું ઝૂંટવી લેવું' તે નર્કાગાર જાણજે.
બીજા સાથે તમે વર્તો જે રીતે જીવને જગે,
તે જ પ્રત્યક્ષ આવીને ઊભું રે'શે જ સામને.

તમારા એકલા માટે જીવવું તે નિરર્થક,
'જીવવું' જે બધાં માટે 'જીવવું' પૂર્ણ સાર્થક.
'પડે છે ખપ સૌ કો'નો' એમ ધારી બધાં પરે
-સદ્‌ભાવ ધારીને હૈયે વર્તવું સર્વ સાથ તે.

પારકાંના ભલા સારુ ઉઠાવેલો બધો શ્રમ,
જાણવો યજ્ઞ તે સાચો, બીજો યજ્ઞ ન યોગ્ય છે.
શાંતિદાયક વિશ્રાંતિ શુદ્ધિ વિના મનાદિની
-સાંપડી ના શકે કેમે સંસારે કોઈને કદી.

ભલે નાનકડું કર્મ જે કાળે જે મળે લહો,
તેમાં નિપુણતા પૂર્ણ ધારી, કૌશલ્યથી કરો.

પરિણામતણી આશા જે સેવે મન ધ્યેયમાં,
નિરાશા દિલ તેવાને સાંપડવાની નિશ્ચયે.

સ્મરણ, પ્રાર્થના, ભાવે કીર્તનો શાં કર્યાં કરી,
થયેલું, થતું કૈં જે તે નિવેદ્યા પ્રભુને કરી,
સન્મુખ જીવતો હૈયે રાખીને દોરનારને
-આત્મનિવેદનો ભાવે સંભળાવ્યા કરો તમે.

સૌ તૃષ્ણા, મોહ, લોભાદિ આત્મકલ્યાણ માર્ગમાં
-જો એકવાર લાગી તે જાય, બેડો જ પાર ત્યાં.
કૈં ઉદ્વિગ્ન થતાં ચિત્ત જગાજો ત્યાં સફાળું ને,
પ્રસન્નચિત્ત રે'વાને મથાજો અમથી હૃદે.

'ફેરવાયો છું હું કેવો !' પ્રાર્થનાનો પ્રતાપ તે,
મારા જીવનનું હાર્દ તેથી તો પ્રાર્થના જ છે.
ભક્તિની બુદ્ધિમાં જ્યારે પ્રતિષ્ઠા પૂર્ણ થાય છે,
બુદ્ધિના રંગ ત્યારે શા ઑર કૈં પલટાય છે !

'ગુણવિમર્શ', પ્ર. આ., માંથી સાભાર ❑

**વિશ્વકોશ ટ્રસ્ટના**

## ડૉ. ધીરુભાઈ ઠાકરનો દેહાંત

પૂજ્ય શ્રીમોટાના ગુજરાતી ભાષામાં 'વિશ્વકોશ'ના સંકલ્પને સાકાર કરવામાં જેઓશ્રીનું ઉલ્લેખનીય યોગદાન રહેલું છે, એવા ડૉ. ધીરુભાઈ ઠાકરનો ૯૬ વર્ષની વયે તા. ૨૪-૧-૨૦૧૪ના રોજ અમદાવાદ ખાતે દેહાંત થયો છે.

મોડાસાની કૉલેજના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ ૬૭ વર્ષની ઉંમરે સને ૧૯૮૫માં વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુખ્ય સંપાદક તરીકે સદ્‌ગતશ્રીએ કામગીરી સંભાળી હતી. ડૉ. કુમારપાળ દેસાઈ સહિત વિવિધ ક્ષેત્રના તજ્જ્ઞોની ટીમના સફળ સુકાની તરીકે વિશ્વકોશના ૨૫ ભાગ ઉપરાંત, અન્ય અનેક પ્રકાશનો દ્વારા આ સંસ્થા વટવૃક્ષસમી બની છે. ગુજરાતી સાહિત્યમાં યોગદાન બદલ સદ્‌ગતશ્રીને રણજીતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ ઍવૉર્ડ એનાયત કરવામાં આવેલા.

શ્રીહરિ ગતાત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના છે. -સંપાદક

## (૨) વૈશ્ય-ઋષિ

**જયભિખ્ખુ**

ધનની ખૂબ જ નિંદા થઈ છે. સંસારમાં આ એક એવી વસ્તુ છે, કે જેને ચાહે પણ સહુ અને નિંદે પણ સહુ. ધનવાનો અંગે ઘણાં ઘણાં વિશેષણો વપરાતાં આવ્યાં છે, પણ જ્યારે 'વૈશ્ય-ઋષિ'નું વિશેષણ કોઈ ધનવાનને અપાતું જોવાય ત્યારે જરૂર આશ્ચર્ય થાય છે.

આપણી રાષ્ટ્રીય સરકાર આવી ન હતી, તે સમયની આ વાત છે. પરદેશી સરકાર સામે ભરપૂર લડાઈ ચાલતી હતી. એ સરકારને નુકસાન પહોંચાડવું એ ઘણાંને મન એક રાષ્ટ્રધર્મનું પ્રતીકકાર્ય લેખાતું.

ખેડૂતે કર ન ભરવા, કારીગરે કામ ન કરવું, નોકરે નોકરી ન કરવી, વિદ્યાર્થીઓએ ફી ન ભરવી અને એ રીતે વેપારીઓએ પણ આ તકનો પૂરો લાભ લીધો. બને તેટલો કર છુપાવવો, પરદેશી સરકારને ન ભરવો એ પણ રાષ્ટ્રસેવાનો એક પ્રકાર છે એમ ગણાતું.

આપણે જે વેપારીની વાત કરીએ છીએ એણે પોતાના માણસોને સ્પષ્ટ આદેશ આપ્યો કે પરદેશી સરકાર જેટલી ખરાબ છે એટલું જ ખરાબ જુદા ચોપડા બનાવવા, અસત્ય બોલવું વગેરે છે. પણ મુનીમો સમજ્યા કે શેઠ ભલે કહે પણ પૈસામાં ફાયદો થાય એ એમણે જોવાનું હોય. કેટલીક વાતો કહેવાની હોય છે, આચરવાની નહિ. કેટલીક વાતો આચરવાની હોય છે, કહેવાની નહિ. સાધ્ય પ્રાપ્ત કરવા કોઈ વાર હલકાં સાધન વાપરવાં પડે તોપણ વાપરવાં.

શેઠની પેઢીએ ઘણો મોટો નફો કર્યો એટલે સરકારને ટૅક્સ પણ વધારે આપવો પડે. મુનીમોએ કુશળ વકીલોની સલાહ લીધી. વકીલો મોટે ભાગે સત્યધર્મના નહિ પણ અસીલધર્મના પૂજારી હોય છે. વકીલોની સલાહ મુજબ મુનીમોએ ઇન્કમટૅક્સની કચેરીમાં હાજર થઈ કહ્યું કે ચોપડા ગુમ થઈ ગયા છે. આપને જે ઠીક લાગે તે કર આકારો. આમ તો દર વર્ષે સાતઆઠ હજારનો ટૅક્સ ભરીએ છીએ. અમારા શેઠની આબરૂ આપ જાણો છો.

અમલદારો વેપારીના માનસને જાણતા હોય છે, કરોડોની ચોરી કરતો હોય છે. એની ગળથૂથીમાં એ પાયેલું છે કે કરચોરી એ ચોરી નથી. અમલદારને દાળમાં કંઈક કાળું લાગ્યું. એણે પૂરી તપાસ કરી. અમલદારે રૂપિયા ૮૫ હજારનો કર આકાર્યો. શેઠની હાજરી ન હતી. એમેય આ કામ મુનીમે પતાવવાનું હોય.

મુનીમે ફરીથી વકીલની સલાહ પ્રમાણે કેસની અપીલ નોંધાવી. મુદતો પર મુદતો પડવા માંડી. આખરે મુનીમ અમલદાર પાસે પહોંચ્યા. પગ પકડીને રડ્યા અને કહ્યું કે મારા પર દયા કરો. શેઠ મને કાઢી મૂકશે. ચોરના દીકરાને કોઈ ફાંસી ન આપે. દંડ કરે. સરકારના ઘરમાં ભરવાથી તમને શું મળશે ? સરકારને ખજાને ક્યાં ખોટ છે ? મને બચાવો. આ મારી ભેટ સ્વીકારો. મુનીમે રૂપિયા દશ હજાર અમલદારના પગ આગળ મૂકી દીધા. અમલદાર પીગળી ગયા. માયા દેખી મુનિવર ચળે ! અમલદારે રૂપિયા ૮૫ હજારના બદલે આઠ હજાર કર આકાર્યો. એક રાતમાં કાગળિયાં બધાં કાયાપલટ કરી ગયાં. મુનીમજીએ તો ઈડરીઓ ગઢ જીતી લીધો.

લાંબા વખતે શેઠ ઘેર આવ્યા. ઇન્કમટૅક્સ અંગે પૂછપરછ કરી. મુનીમ આનંદમાં હતા. પણ શેઠના

**(અનુસંધાન પૃ. ૨૦ ઉપર)**

## (૩) આત્મહત્યા કરવી એ મૂર્ખામી છે

**શ્રીમાતાજી**

તમે એટલું નિશ્ચિતપણે જાણી લો કે આત્મહત્યા કરવી એ એકદમ મૂર્ખામી છે, કારણ કે **શરીરના અંત સાથે ચેતનાનો અંત આવી જતો નથી.** ઉપરાંત, જીવતો જીવત જે વસ્તુ તમને મુશ્કેલીકર્તા હોય છે તે વસ્તુ મૃત્યુ બાદ પણ મુશ્કેલીકર્તા જ બની રહે છે, અને એમાં પછી તમારા મનને બીજી દિશામાં વાળવાની શક્યતા પણ રહેતી નથી, જ્યારે જીવનમાં એ શક્ય હોય છે.

તમારે આ જગતમાં જ પરિવર્તન સાધવાનું છે અને એ શક્ય છે. તમે જો જગતમાંથી ભાગી જશો તો તમારે ફરીથી અહીં આવવું પડશે અને કદાચ ખરાબ પરિસ્થિતિમાં તમારે નવેસરથી બધી શરૂઆત કરવી પડશે, ડરપોક ન બનવું તે જ સારું છે, અને પરિસ્થિતિનો સામનો કરી લેવો તથા વિજય માટે જરૂરી પ્રયત્ન કરી લેવા એ જ સારું છે. મદદ હંમેશાં તમારી સાથે જ છે, તમારે મદદ પ્રાપ્ત કરી લેતાં શીખવું જોઈએ.

માણસ શા માટે આપઘાત કરે છે ? કારણ કે તે બાયલો અને ડરપોક હોય છે. બાયલા માણસને હંમેશાં દુઃખ સહન કરવાં જ પડે છે. ચૈત્યિક અસ્તિત્વ અમુક અનુભવોની પરંપરામાંથી પસાર થવાના, બોધપાઠ શીખવાના અને પ્રગતિ કરાવવાના નિશ્ચિત હેતુ માટે આવતું હોય છે. જો તેનું કાર્ય પૂરું થયા પહેલાં તમે ચાલ્યા જાઓ તો તેને વધારે કઠિન પરિસ્થિતિઓમાં તે કાર્ય ફરી કરવા માટે પાછું આવવું પડે છે. એટલે એક જીવનમાં તમે જેનાથી દૂર ભાગી ગયા છો તે બધું બીજા જીવનમાં તમને આવી મળશે. તે વધારે કઠિન સંજોગો હશે. તમારે જીવનમાં અમુક મુસીબતોનો સામનો-પરાભવ કરવાનો હોય, જેને આપણે કસોટી કહીએ છીએ, તેમાંથી પસાર થવાનું હોય અને જો તમે તેમાંથી આપઘાત કરીને છટકી જાઓ તો બીજા જન્મમાં તમારે તેમાંથી પસાર થવું જ પડશે અને તે પહેલાં કરતાં વધારે કઠિન-કસોટી હશે. જીવન મુસીબતોનો એક ગુચ્છ છે અને પછી આવતું મૃત્યુ એક સનાતન શાંતિ છે એવું તમે માનો છો, પણ હકીકતમાં એવું નથી.

જ્યારે માણસ સ્વૈચ્છિક રીતે આપઘાત કરીને ચાલ્યો જાય છે, અજ્ઞાનમય અને અસ્પષ્ટ આવેગ-પૂર્વક ચાલ્યો જાય છે, ત્યારે તે આ સર્વ આવેગોથી અને અજ્ઞાન ભરેલા પ્રાણિક જગતમાં સીધો જતો હોય છે. પરિણામે જે મુશ્કેલીઓમાંથી તે છટકી જવા માગતો હતો તે ફરી તેની પાસે ઉપસ્થિત થાય છે અને તે પણ શરીર જે રક્ષણ આપે છે તે રક્ષણ વિના.

જો કદીક તમને ભયાનક ઓથાર (ભીષણ સ્વપ્ન)નો અનુભવ થયો હોય તો ઉપાય છે તમારી જાતને જાગ્રત કરી દેવાનો. પણ જ્યારે તમે તમારા દેહનો વિનાશ કરી નાખ્યો હોય છે, તો પછી તમારું રક્ષણ કરનાર શરીર નથી હોતું. ઓથારથી દૂર રહેવા માટે તમારામાં ચૈત્યિક ચેતના હોવી જોઈએ. તમે જ્યારે ચૈત્યિક ચેતનામાં હોવ છો ત્યારે વસ્તુઓ તમને દુઃખ નહિ આપે, તેવી ખાતરી તમે રાખી શકો છો. આત્મહત્યા તો સાચે જ અજ્ઞાનમય અંધકારમાં ગતિ છે. સતત કરવા યોગ્ય પ્રયત્નો સામે એક મહાન નામર્દાઈ છે, બાયલાપણું છે.

પાર્થિવ જીવન પ્રગતિ માટેનું સ્થાન છે. આ પૃથ્વી પર, પાર્થિવ અસ્તિત્વ દરમિયાન જ પ્રગતિ શક્ય છે. જે લોકોમાં પોતાના જીવનનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાની સંકલ્પ શક્તિ રહેલી હોય છે તે લોકો તો જાણે છે કે જ્યાં સુધી જરૂરી છે ત્યાં સુધી હું અહીં રહીશ. છેલ્લી ક્ષણ સુધી હું જીવીશ અને મારા ધ્યેયની પ્રાપ્તિ માટે એક ક્ષણ પણ ગુમાવીશ નહિ.'

'અર્પણ', ડિસેમ્બર, ૨૦૧૧, પૃ. ૨૨ ❑

## (૪) સત્સંગનો સ્પર્શ

શ્રીમોટા

સત્સંગની ભાવના યુગયુગથી સમાજમાં ચાલી આવેલી છે. આજે પણ એ ભાવના મરી પરવારી નથી, પણ રૂપા ઉપર સોનાનો ઢોળ ચડે પણ વપરાશમાં આવતાં તે ઢોળ ઊતરી જાય છે. એવી રીતે સત્સંગનો પાસ તો લાગે, પણ પાછાં માનવી જીવ સંસારમાં પડીને સત્સંગનું સેવન, ચિંતવન ભાવનાના સ્વરૂપમાં ચાલુ રાખી શકતાં નથી. પરિણામે આવેલો કે ચઢેલો ભાવનો સ્પર્શ તદ્દન મોળો પડી જાય છે, અને તે માનવીજીવ પોતે ખાલી ને ખાલી જેવો જ રહી ગયો હોય એમ તેને લાગે છે.

તો સવાલ એ થાય કે શું સત્સંગનો સ્પર્શ એ શું નક્કર વસ્તુ નથી ? એનો જવાબ એ છે કે સત્સંગના સ્પર્શના સંસ્કાર માનવીના અંતરમાં પડવા એ એક વાત છે અને તે સ્પર્શના સંસ્કાર તેના હાલના જીવનમાં કામ કરતા થઈ જવા એ બીજી વાત છે. વળી, એ સંસ્કાર કામ કરતા કેવી રીતે બની જાય એ પણ જુદી જ વાત છે.

સત્સંગનો સ્પર્શ એટલે કે તેની ચાલુ જીવનમાં પરિવર્તનકારી અસર. એ કંઈ એકબાજુના બળનું પરિણામ નથી. સદ્‌ભાવી જીવે પણ પોતાના તરફથી એ માટે પ્રયત્ન કરવો પડશે. **જીવનનાં બીજાં બધાં ક્ષેત્રો કરતાં સત્સંગના સ્પર્શની કિંમત હજારગણી એવા માનવીના મનથી અંકાયેલી હોવી જોઈએ** જીવનમાં સર્વ પ્રસંગ, વર્તન, સંબંધ, વ્યવહારમાં એનું મન જીવનના સદ્‌ભાવને જ મહત્ત્વ મળ્યા કરે એવી રીતે વર્તતું થઈ ગયેલું હોવું જોઈએ.

માનવીજીવ સંસારમાં હોવા છતાં સંસારનાં સર્વ સંબંધોમાં, વર્તનમાં, વ્યવહારમાં, વિચારવૃત્તિમાં-બધાંમાં જ કોઈ એક ચેતનાયુક્ત સાંકળ જોડાયેલી અનુભવશે. **એનું માનસ સંસારી ઘટનાઓને સંસારની રીતે વિચારતું જ અટકી જશે.** એના સત્સંગના સ્પર્શના ભાવ અને પ્રકાર કોઈ ઑર છે. પણ આપણામાં એવી અદમ્ય ઇચ્છા પ્રગટી નથી.

એક રીતે એવી ઇચ્છા અંતરમાં પડેલી જ છે, પણ બહારના દુર્ગ તે તોડી શકતી નથી. એને તોડવા માટે સંસારના સર્વ સંબંધોમાં, વ્યવહારમાં કે વિચાર વગેરેમાં રાગદ્વેષાદિની ભૂમિકાથી વર્તવાને બદલે જીવનનો ભાવ ટકે અને વધે અને એમાં આપણું સ્થિરપણું જળવાયા કરે એમ થવું ઘટે. એમ થતાં જીવનની ઉચ્ચગતિ અને સ્થિતિ સ્વાભાવિક બની જશે.

સત્સંગ આદિ ભાવનામાંથી ક્રિયાત્મક શક્તિનો પ્રવાહ ન જન્મી શકે તો માનવીજીવે વિચારવું રહ્યું. જે માર્ગે જવું છે એ માર્ગ ઉપર જીવનું દૃઢ, નિશ્ચયાત્મક વલણ એકાગ્રપણે કેંદ્રિત થયું નથી એ જ અર્થ નીકળે. એટલે કે છેક ઉપરછલ્લી બુદ્ધિ વડે જ સત્સંગની પ્રવૃત્તિમાં રસ લેતો હશે.

જીવનનું ચિંતવન કર્યા વિના અથવા તો એનું એકધારાપણું કોઈ ને કોઈ રીતે ચલાવ્યા કર્યા વિના માનવીનું મન પીગળી શકતું નથી. સદ્‌ભાવની ભાવના કે ભૂમિકા હોવી એ એક વસ્તુ છે અને એને જીવનના પરિપાકમાં કામ કરતી અનુભવવી એ બીજી વાત છે. એવી સદ્‌ભાવની ભૂમિકા મળેલી હોવા છતાં જે જીવ સળવળવાનું કરતો નથી તે મળેલી મૂડી હોવા છતાં ભિખારીની દશામાં પડી રહેવા જેવું કરે છે.

જો એવું ખરેખર હોય તો એવા જીવે શું કરવું એ પ્રશ્ન ઊઠે. તો એવા જીવે ભાવનાનું જોર કરી, બુદ્ધિનો ઉપયોગ કરી જીવનના સર્વ પ્રસંગોમાં પ્રભુભાવની ધારણા જીવતી રહ્યા કરે એ રીતે વર્તવા માટે ભગીરથ પ્રયત્ન કરવો જોઈએ.

**જેને સદ્‌વસ્તુ પરત્વેની ભાવનાયુક્ત સમજણ છે, જેણે સંત જીવાત્માનો સત્સંગ સેવ્યો છે, તે જીવને પડી રહેલો જોતાં દિલમાં દુઃખની કંપારી વછૂટે છે.**

'જીવન સંદેશ', બી. આ., પૃ. ૫૮ ❑

## (૫) સરદાર સ્મારક

**શ્રી દિનકર જોષી**

*(લોકસેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા એક દ્વિમાસિક મૅગેઝિન 'સરદાર જ્યોત'નું પ્રકાશન થાય છે. શ્રી ભીમજીભાઈ નાકરાણી તેના તંત્રી છે. ડિસેમ્બર, ૨૦૧૩ના અંકમાંથી નીચેની સંકલિત વિગતો લેવાઈ છે. -સંપાદક)*

...લોકસભાના સભ્યોને બંગલો ફાળવી દેવા સુધીની પ્રથા આપણે સ્વીકારી છે. સરદાર જ્યારે ગૃહમંત્રી બન્યા ત્યારે દિલ્હીના સરકારી બંગલાઓ હાલની રીતે ફાળવી દેવાનો કોઈ વિચાર સુધ્ધાં ન હતો. સરદાર ત્યારે બિરલા હાઉસમાં બિરલાના અતિથિ તરીકે રહેતા હતા. તેમની પાસે પોતીકું ઘર ન હતું.

ગૃહમંત્રી બન્યા એટલે એમના માટે અલાયદા આવાસનો પ્રશ્ન પેદા થયો. આવા વખતે બીજા એક મોટા ગજાના ઉદ્યોગપતિ બનવારીલાલ ખંડેલવાલ સરદારની મદદે આવ્યા. તેઓ સરદારના વડીલ બંધુ સદ્ગત વિઠ્ઠલભાઈ પટેલના ગાઢ મિત્ર હતા. વિઠ્ઠલભાઈ પણ આ મિત્રના જ અતિથિ તરીકે રહેતા હતા. દિલ્હીના મુખ્ય રાજમાર્ગ ઔરંગઝેબ રોડ ઉપર એક વિશાળ બંગલો હતો. બનવારીલાલજીનો પરિવાર દિલ્હી સ્થિત અન્ય બંગલાઓમાં હતો.

બનવારીલાલે સરદારને કહ્યું કે ૧, ઔરંગઝેબ રોડનો એમનો બંગલો તમને ખૂબ સુવિધાપૂર્ણ રહેશે. વસવાટ તથા અતિથિઓની અવરજવર માટે પણ પૂરતી ગોઠવણ છે. સરદારે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને મણિબહેન પટેલે પોતાની તથા સરદારની એમ બે પતરાંની પેટીઓના સામાન સાથે આ વિશાળ બંગલામાં પ્રવેશ કર્યો.

૧૦ ડિસેમ્બર, ૧૯૫૦માં સરદારે આ નિવાસ-સ્થાન છોડ્યું અને તબીબી ઉપચાર માટે એમને મુંબઈ લાવવામાં આવ્યા. મુંબઈમાં બિરલા હાઉસ ખાતે એમણે ચાર દિવસ અર્ધ અચેતન અવસ્થામાં ગાળ્યા અને ૧૫ ડિસેમ્બર, ૧૯૫૦ના રોજ એમણે નશ્વર દેહ છોડી દીધો.

૧, ઔરંગઝેબ રોડ ખાતેના પાંચ વરસના વસવાટ દરમિયાન ૫૬૨ જેટલાં રજવાડાંઓને એકત્રિત કરવાનું કામ કોઈના સ્વપ્નમાંય ન સંભવે એ રીતે એમણે કરી બતાવ્યું. સરદારના દેહાંત બાદ સરદાર એ બંગલામાં રહેતા હતા માટે એને એમના સ્મારક તરીકે જાળવવું જોઈએ એવા રૂપકડા નિમિત્તે કેંદ્ર સરકારે આ બંગલો કબજે લઈ લીધો. અગાઉ ગાંધીજીના અવસાન વખતે દિલ્હીના બિરલા હાઉસને તથા મુંબઈના મણિભુવનને પણ સ્મારક તરીકે કબજે કરી લેવા હિલચાલ આદરી હતી પણ સરદારે ત્યારે આ વિચારને ત્યાં જ અટકાવી દીધો હતો. એમણે કહ્યું હતું કે ગાંધીજીએ જ્યાં જ્યાં મુકામ કર્યો હોય એ બધાં સ્થાનો સ્મારકના નામે જો આપણે કબજામાં લઈ લઈશું તો પછી ભવિષ્યમાં કોઈ માણસ બીજા કોઈ મહાપુરુષને પોતાના ઘરે ઊતરવા જ નહિ દે.

૧, ઔરંગઝેબ રોડ પરનો સરકારી કબજો દેખીતી રીતે જ અંગત માલમિલકત ધરાવવાના નાગરિક હકથી વિરુદ્ધ જતો હતો. ખંડેલવાલના પરિવારે સુપ્રીમ કોર્ટમાં ધા નાખી. પૂરાં બાર વરસ સુધી કાનૂની મુદ્દાઓની ફેંકાફેંક થતી રહી અને

આખરે અદાલતે આ બંગલો એમના મૂળ માલિકને પાછો સોંપ્યો.

મહાત્મા ગાંધીજીના નશ્વર દેહને જ્યાં અગ્નિદાહ આપ્યો ત્યાં રાજઘાટ બન્યો છે. આ પછી જવાહરલાલ નહેરુને જ્યાં અગ્નિદાહ આપ્યો એ સ્થળે શાંતિઘાટ, રાજીવ ગાંધીની વિરભૂમિ ચરણસિંહનો કિસાન ઘાટ ઇત્યાદિ ઘાટોની લંગાર લાગી ગઈ છે. આ દરેક ઘાટ દિલ્હીની પાંચ, પાંચ કે દશ દશ એકર જમીનમાં છે. આ દરેક ઘાટ માટે ડઝનેક ટ્રસ્ટ બન્યાં છે. અને આ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ હું, ફોઈ અને રતનિયો એમ સ્વજનો જ હોય છે. ડૉ. રામમનોહર લોહિયાએ જવાહરલાલના શાંતિઘાટની રચના વખતે પોતાની વેધક વાણીમાં કહેલું કે સત્તાસ્થાનેથી અવસાન પામતા વડાપ્રધાનો માટે અલાયદું સ્મશાનગૃહ સ્થાપિત કરી દઈશું તો એક સૈકા પછી આખું દિલ્હી એક મોટું સ્મશાન બની જશે.

ખંડેલવાલ પરિવારે એ બંગલાનો કબજો તો મેળવ્યો, પણ પછી આ મિલકત એમણે વસવાટ માટે ઉપયોગમાં લીધી નહિ કે કોઈને સોંપી પણ નહિ. જાહેરમાર્ગ ઉપરથી બંગલો દેખાય પણ નહિ એવી ઊંચી દીવાલો ચણી લઈને બંગલાના દરવાજા ઉપર તાળાં મારી દઈ ચોવીસ કલાકનો પહેરો પણ ગોઠવી દીધો.

સને ૧૯૫૦માં સરદારના સ્મારક માટે ઉતાવળી થયેલી કેંદ્ર સરકારમાંથી કોઈને સને ૧૯૯૯ સુધી સરદાર સ્મારક સાંભર્યું ન હતું. ૧૯૯૯માં અટલ બિહારી વાજપેયીની સરકાર જ્યારે સત્તાસ્થાને આવી ત્યારે ૧૬ સભ્યોની સમિતિ આ કામગીરી આગળ ધપાવવા માટે નિયુક્ત કરવામાં આવી. તેમાં ગુજરાતના બે પ્રતિનિધિનો સમાવેશ કરાયો હતો. (૧) નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જિતેન્દ્ર દેસાઈ (હાલ દિવંગત-સં.) અને શ્રી નરેન્દ્ર મોદી (તે સમયે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી પદે સંભવ છે કે આવ્યા નહિ હોય.)

આ સમિતિએ એમની કામગીરી કેટલી આગળ વધારી એ વિશે આમ તો કંઈ જાણવામાં આવ્યું નથી. પણ એક નિમિત્ત ઊભું થયું. હું સરદાર પટેલ વિશે એક નવલકથા લખી રહ્યો હતો. બંગલા ઉપરનું પાટિયું વાંચતાં જ તેને અંદરથી જોવાની ઇંતેજારી થઈ પરંતુ દરવાજા બંધ હતા અને અંદરના ચોકીદારોને જોઈને, પાસે બોલાવીને પૂછતાં જ તેમણે ઘસીને ના પાડી દીધી. ફોન ઉપર બંગલાના માલિક સાથે વાત કરતાં બંગલાનો કબજો મેળવવામાં જે તેમના ઉપર વીત્યું હશે તેની વાત જાણી.

સરદાર સ્મારક સમિતિએ આ બંગલો જેની કિંમત હાલ બજારભાવે ૪૦૦ થી ૫૦૦ કરોડની થાય તેટલી કિંમતમાં આ બંગલો વેચાણથી લઈ લેવા સરકારને દરખાસ્ત કરી છે પણ તેનો કોઈ જવાબ નથી. સમિતિએ એકાદ વર્ષ બાદ સરકારને આ વિશે યાદ પણ અપાવી હતી. જોકે હજુ સુધી કોઈ જવાબ મળ્યો નથી.

જે સરદારે આપણને આ દેશનો નકશો દોરી આપ્યો એમની પુણ્યસ્મૃતિ દિલ્હીમાં ક્યાંય જળવાયેલી ન હોય એનાથી મોટી કૃતઘ્નતા ભારતીઓ અને ખાસ કરીને ગુજરાતીઓ માટે બીજી શી હોઈ શકે ? આપણે છ કરોડ ગુજરાતીઓ ગુજરાત સરકાર સાથે મળીને આ કામ ન કરી શકીએ ?

'સરદાર જ્યોત'માંથી સાભાર સંકલન
ડિસેમ્બર ૨૦૧૩, પૃ. ૧૨ ❑

# (૬) પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી - ૫

**શ્રીમોટા**

*(ગતાંકથી આગળ)*

આધ્યાત્મિક ભાવનાને ખેડી રહેલા...માસિકમાં પૂજ્ય મહાત્માજી વિશે જે લખેલું છે, તે યથાર્થ લાગતું નથી. આવા સત્ત્વશીલ સાધુ-સંતપુરુષો મહાત્માજીની જીવનશક્તિને કેમ નહિ સમજી શકતા હોય, તે કલ્પનામાંયે આવી શકતું નથી. તેમ છતાં પૂજ્ય સ્વામીજીના પત્રોમાં મહાત્માજી વિશેનું લખાણ વાંચીને પણ એમની પ્રત્યેનો મારો આદરભાવ ઘટ્યો નથી.

૧૯૩૨માં નડિયાદમાં સંતરામ મહારાજની શતાબ્દી સંવત્સરી હતી. તે અંગે ત્યાં ઘણા મહાત્મા, સંતપુરુષો, સાધુ સંન્યાસીઓ પધારેલા, તેમાં અનેક પૂજનીય વિભૂતિઓ પણ હતી. તે મહાપુરુષોને હરિજનોને બોધ આપવા લઈ જવા કેટલીય મહેનત કરવી પડી હતી.

જેમ ધર્મતત્ત્વને પામવા માટે શરીરની પૂરેપૂરી જરૂર છે, તેવી રીતે સમાજ શરીર પણ અખંડ રહે અને સમાજમાં ધર્મની ભાવના જીવતી રહે, તે માટે સમાજમાં કોમોની વચ્ચે પરસ્પર શુદ્ધ, નિર્મળ ધર્મભાવના ઓતપ્રોત રહે તે પણ તેટલું જ જરૂરી છે. તે વેળાએ હરિજન સેવક સંઘના કેટલાક મુખ્ય કાર્યકર્તાઓ તો જેલમાં હતા. **હરિજનોમાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર પાદરી લોકો તેવા મેળાઓ વખતે ખાસ કરતા.**

એ જોઈને શતાબ્દી સંવત્સરી સમયે ત્યાં આવેલા બધા સંન્યાસીઓને મળેલો, પણ પડી ગયેલા રિવાજથી જુદી રીતે વર્તવાની બાબતમાં સંસારી સમાજના જેટલી જ રૂઢિચુસ્તતાનાં સંન્યાસીઓમાં પણ દર્શન થયાં, પણ જે લીધું તેના ઉકેલ માટે એકેએક ઉપાય તો લઈ ચૂકવો જ. તે માટે મંડતાં મંડતાં આખરે એક મહાતેજસ્વી અને નામાંકિત સાધુપુરુષને હરિજનોમાં બોધ અપાવવા લઈ જવાનું બનેલું, પણ એમાં પણ એમની પાછળ પડીને તે કરાવ્યું હતું. સ્વયંપણે હૃદયનો ઉમળકો તેમાંયે ન હતો.

**સાધુ સંન્યાસીઓમાં પણ વાડાઓ, મતમતાંતરો અને રૂઢિઓ લગભગ સમાજ જેટલાં જ સજ્જડ છે. એમાંથી મોકળા થવું એમને માટે પણ એટલું જ મુશ્કેલ છે. એ પણ એક જાતનો સંસાર છે અને ગતાનુગતિક, ઘરેડમાં ચાલ્યા કરનારો છે.** એમાં ઉત્તમ સાધુ મહાત્માઓ નથી એમ કહેવાનો હેતુ નથી. જે સંસ્થાની પાછળ સંસ્કાર છે, તપશ્ચર્યા છે, જીવનની આહુતિ છે અને જે સંસ્થા નર્યા ત્યાગમાંથી જ જન્મેલી છે, તે સંસ્થા કોઈ કાળે મૃત્યુ પામવાની નથી. કોઈ ને કોઈ કાળે અને કોઈ ને કોઈ ગૂઢ રીતે, તે નવચેતનવંતી થવાની જ છે એમાં સંશય નથી. આખરે તો એવાં સમર્પણશાળી જીવનથી જ નવી જ્યોત પેદા થવાની છે, એ વાત પણ નક્કી છે.

પણ આજકાલ તો પૂજ્ય ગાંધીજીની બાબતમાં સાધુ સંન્યાસીઓમાં અવળો પ્રચાર ચાલે છે, પણ ગાંધીજી તો આત્માની ઝાંખી અર્થે જ સર્વ કામ કરે છે. પ્રત્યેક કર્મની અંતરમાં એમની જીવંત ધારણા તેવી રહે છે. એમની ભગવાન ઉપરની શ્રદ્ધા જીવતીજાગતી છે :

'આવા વ્યાપક સત્યનારાયણનાં પ્રત્યક્ષ દર્શન સારુ જીવમાત્રની સાથે આત્મવત્ પ્રેમની પરમ આવશ્યકતા છે, અને તે કરવાને ઇચ્છનાર મનુષ્ય જીવનના એક પણ ક્ષેત્રની બહાર નથી રહી શકતો. તેથી જ **સત્યની મારી પૂજા મને રાજકારણમાં ખેંચી ગઈ છે.** મને આ પૃથ્વીના

અશાશ્વત રાજ્યની કામના નથી. મારો પ્રયાસ તો ઈશ્વરના ધામમાં પહોંચવાનો એટલે મોક્ષ મેળવવાનો છે. **એ મોક્ષ સ્વદેશની અને જગતની અવિરત, અવિશ્રાંત સેવા કરવાથી જ મળી શકે એવું મારું માનવું છે.** હું જીવમાત્રની સાથે ઐક્ય, તન્મયત્વ સાધવા ઈચ્છું છું. ગીતાની ભાષામાં કહું તો શત્રુ તેમ જ મિત્ર બંને પ્રત્યે સમત્વની સ્થિતિ મારે મેળવવી છે.'

ગાંધીજી ઈશ્વરને 'શ્વાસોશ્વાસનો સ્વામી', 'નિમકનો દેનારો', 'દીવાદાંડી' ગણે છે. તેઓ કહે છે કે 'એ સર્વનો પેદા કરનારો છે. તે ન હોય તો આપણે નથી.'

આ અવિચળ દૃઢ ઈશ્વરશ્રદ્ધાએ એમનામાં નવું જ વ્યક્તિત્વ ઉત્પન્ન કર્યું છે, અને એ વ્યક્તિત્વનો પ્રભાવ, એની ધગશ અને એનો પ્રેમ આપણે સૌ જોઈએ છીએ અને અનુભવીએ છીએ. એમને અનુભવ થયેલો છે કે આધ્યાત્મિક તત્ત્વ એમની સમીપ અને અંતરતર છે. એનાથી વધારે નિકટ અને પ્રિય બીજું કશું નથી. એ તો કહે છે કે 'એ નચવશે તેમ નાચીશ.' Times of India તો એમને 'The Greatest Bluffer' કહે છે, પણ એના જેવું કશું નથી, પણ પરદેશીને એની આવી બોલી ન સમજાય તે પણ સમજી શકાય એવું છે. વળી, તેઓ કહે છે :-

'એવી કોઈ અકળ અને ગૂઢ શક્તિ છે, જે વિશ્વંભર છે, સર્વવ્યાપી છે. હું એને જોતો નથી પણ અનુભવું છું. આ અદૃષ્ટ શક્તિ અનુભવાય છે અને છતાં તેનો કશો પુરાવો આપી શકાતો નથી, કેમ કે હું મારી ઇંદ્રિયોથી જેનો અનુભવ કરું છું તે સર્વ વસ્તુઓ કરતાં આનું રૂપ કંઈ જુદું જ છે. તે બહારના પુરાવાથી સિદ્ધ નથી થઈ શકતી, પણ જેમણે અંતરમાં એ ઈશ્વરની હાજરી ખરેખરી અનુભવી છે, તેમનાં આચરણ અને ચારિત્ર્ય બદલાઈ જાય છે અને એ પરિવર્તન જ ઈશ્વરની હસ્તીની સાક્ષી પૂરે છે. એવો પુરાવો સર્વ દેશના અને સર્વ યુગના પેગંબરો અને ઋષિમુનિઓના અનુભવમાંથી મળી આવે છે.' વળી, આગળ તે પોતે કહે છે :-

'એ વસ્તુ કદી દલીલનો વિષય બની શકતી નથી. તમે મને દલીલ વડે બીજાઓને ગળે ઉતારવાનું કહો તો મારે હાર જ કબૂલવી રહી, પણ હું તમને એટલું તો કહી શકું છું કે તમે અને હું આ ઓરડામાં બેઠેલા છીએ, એ હકીકતની મને જેટલી ખાતરી છે, તેના કરતાં વધારે ખાતરી મને ઈશ્વરના અસ્તિત્વની છે. હું એમ પણ કહી શકું છું કે હું હવા અને પાણી વિના કદાચ જીવી શકું, પણ ઈશ્વર વિના નહિ જીવી શકું. તમે મારી આંખો ફોડી નાખો તેથી હું મરવાનો નથી. મારું નાક ઉડાવી દો તેથીયે હું મરવાનો નથી, પણ તમે ઈશ્વર વિશેની મારી શ્રદ્ધાને સુરંગ લગાવીને ઉડાવી દો તો હું મૂઓ સમજજો.'

તે ઉપરાંત :

'જે ક્રિયા મારામાં ચાલે છે, તે અંતર્યામીની છે એમ કહી શકાય કે નહિ તે હું નિશ્ચયપૂર્વક નથી જાણતો, પણ ઘણાં વર્ષોથી જે પ્રમાણે મેં મારા મોટામાં મોટાં કહેવાયાં છે તે, અને નાનામાં નાનાં ગણાય તે કાર્યો કર્યાં છે, તે તપાસતાં તે અંતર્યામીનાં પ્રેરાયેલાં થયાં છે એમ કહેવું મને અઘટિત નથી લાગ્યું. અંતર્યામીને મેં જોયો નથી, જાણ્યો નથી. જગતની ઈશ્વર વિશેની શ્રદ્ધાને મેં મારી કરી લીધી છે. એ શ્રદ્ધા કોઈ રીતે ભૂંસી શકાય એવી નથી. તેથી, એને શ્રદ્ધારૂપે ઓળખતો મટી અનુભવરૂપે જ હું ઓળખું છું.'

આ વચનો અંતરના ઊંડાણમાંથી બોલાયેલાં છે.

એની પાછળ એમના આત્માનો રણકાર-ઝણકાર છે. તે જાણે આપણા જીવનને સ્પર્શ્યા કરતો હોય, અને એવું આપણને અનુભવમાં તે તે કાળે આવ્યું હોય એમ લાગ્યા કરેલું છે. એમની વાણી આપણા હૃદયના તારને ઝણઝણાવી મૂકે છે. એનું કારણ એ છે કે એમના શબ્દો માત્ર ખાલી ખાલી બોલાયેલા નથી, પણ એની પાછળ એમના આત્માનું પ્રેરણાત્મક બળ મુકાયેલું છે. શબ્દોની પાછળ આત્મા રમત રમી રહેલો છે. **એમનો માનવીની સેવાનો ખ્યાલ એટલે પ્રભુની જ સેવાનો ખ્યાલ છે.** ભલે આપણે બધાં એ રીતે દેશભક્તિ કે સેવાના ક્ષેત્રમાં જીવંત ખ્યાલ ન રાખી શક્યાં હોઈએ. પણ તેથી એમના જીવનધ્યેયને ઝાંખપ લગાડવાનું આપણાથી કેમ બની શકે ? એમના એકલાના જ અંતરાત્માની ઝંખનાએ કરીને સમાજને એમણે કેટકેટલો પ્રાણ આપ્યો છે ! તામસ અને જડતા ભરેલા સમાજને એમણે જાગતો કર્યો છે. એમની એ સેવા આપણાથી આંકી શકાય એમ નથી. એ દેખીતી વાત સાધુ સંન્યાસીઓના ખ્યાલમાં નથી ઊતરી શકી એ એક દુઃખદ ઘટના છે.

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', બી. આ., પૃ. ૩૦ ❑

## (૮) 'હરિવાણી ટ્રસ્ટ'ને દાન-ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રી જયંતીભાઈ જાની પરિવાર (જ્ઞાનદાન) | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | મંજુબહેન ધીરુભાઈ મહેતા | અમેરિકા | ૧૦,૦૦૦/- |
| ૩. | રોનક વિનોદચંદ્ર પટેલ, અમેરિકા કેલિફોર્નિયાના વીસા મંજૂર થયા નિમિત્તે હસ્તે સુધીરભાઈ મોહનભાઈ દલસાણીયા | સુરત | ૫,૦૦૧/- |
| ૪. | અંજનાબહેન આર. દેસાઈ | વડોદરા | ૫,૦૦૦/- |
| ૫. | નરેન્દ્રભાઈ એન. ખત્રી (સદ્‌ગત માતુશ્રી વાસંતીબહેનના સ્મરણાર્થે) | અમદાવાદ | ૨,૫૦૧/- |
| ૬. | સદ્‌ગત હર્ષદભાઈ નારણભાઈના સ્મરણાર્થે હસ્તે બિપીનભાઈ હર્ષદભાઈ ધોરાજીયા | સુરત | ૨,૧૦૦/- |
| ૭. | શ્રી ગૌરાંગ મરચન્ટ (લવાજમ ભેટ) | અમેરિકા | ૧,૨૦૦/- |
| ૮. | સદ્‌ગત શ્રી મહેન્દ્રભાઈ તલકચંદના સ્મરણાર્થે હસ્તે પદ્માબહેન મહેન્દ્રભાઈ | અમદાવાદ | ૧,૧૦૧/- |
| ૯. | લીલાબહેન ઈશ્વરભાઈ પટેલ ૮૩મા જન્મદિન (૨-૨) નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૦. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૧. | શાંતિલાલ એન. પટેલ જન્મદિન (૬-૧૨) નિમિત્તે | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૨. | બીપીન આર. નાયક | નરોડા | ૫૦૦/- |
| ૧૩. | ઈશ્વરભાઈ ઠાકોરભાઈ જરીવાલા | સુરત | ૫૦૦/- |
| ૧૪. | કુસુમબહેન ઉપાધ્યાય | વડોદરા | ૫૦૦/- |
| ૧૫. | રામભાઈ ગોવિંદલાલ પંચાલ | રાણીપ | ૫૦૦/- |
| ૧૬. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.** **-સંપાદક**

## (૭) મૃત્યુની 'રેડ'

**શ્રીમદ્ રાજચંદ્ર**

**લોકો કહે છે કે ચિત્ત શાંત થઈ જાય તો પરમાત્મા તરફ વળી શકાય. પણ એમ નથી. તમે પરમાત્મા તરફ વળશો તો ચિત્ત શાંત થશે.** સંસારના પદાર્થો અને પ્રસંગોમાં ઊલઝાઈ રહેવાથી શાંતિ કદાપિ મળે નહિ. એનાથી તો વિક્ષિપ્તતા વધે છે. એક ક્ષણ સુખાભાસની અનુભૂતિ થાય છે અને પછી એ જ તૃષ્ણા, એ જ મહત્ત્વાકાંક્ષા અને એ જ ખાલીપો.

એક યુવકે સંત પાસે જઈને કહ્યું, 'હું જ્યારે યુવાન હતો ત્યારે મેં નક્કી કર્યું હતું કે હું દસ કરોડ રૂપિયા કમાઈ લઈશ પછી દોડાદોડી બધી બંધ કરી દઈશ અને શાંતિથી ધરમધ્યાન કરીશ, મારી પાસે પાંચ કરોડ થઈ ગયા છે. હવે બહુ વાર નહિ લાગે-દસ કરોડ થવામાં.'

સંતે એ યુવકને પૂછ્યું કે તને પાંચ કરોડ મળી જવાથી તારી અડધી યાત્રા તો પૂરી થઈ ગઈ, અડધી સંપત્તિ મળી ગઈ. તો શું તને અડધી શાંતિ મળી ગઈ ? યુવકે કહ્યું કે અડધી સંપત્તિ જરૂર મળી પણ શાંતિની તો વાત નહિ કરો. જે હતી તે પણ ચાલી ગઈ. સંતે કહ્યું કે તો પછી વિચારતો કેમ નથી કે અડધો લક્ષ્યાંક પતી ગયો પણ અડધી શાંતિ તો ન મળી તો લક્ષ્યાંક પૂરો થતાં પૂરી શાંતિ મળશે કે કેમ ? ધન અને પદના નશાને ધનમદ અને પદમદ કહે છે. મદ એટલે મદિરા. ધન કે પદ પ્રાપ્ત થતાં શાંતિનાં કોઈ ઠેકાણાં રહેતાં નથી પણ અહંકાર વધે છે.

તેથી જ સંતો કહે છે કે યૌવન, શક્તિ, સૌંદર્ય બધું ક્ષણભંગુર છે. ક્યારે હાથમાંથી નીકળી જશે એની ખબર પણ નહિ પડે. બાજ પક્ષી જેમ ઝડપથી આવીને કબૂતરને એના સકંજામાં લઈ લે છે તેમ મૃત્યુ એક ક્ષણમાં બધું નષ્ટ કરી દે છે. કોઈ મનુષ્ય કલાકોથી શતરંજ રમતો હોય અને એક નાનું બાળક રમતું આવે અને એનો ધક્કો લાગવાથી જેમ આખી બાજી ચોપટ થઈ જાય, તેમ વર્ષોથી તમે પાથરેલી તમારી બાજી, મૃત્યુના ધક્કાથી ક્ષણમાં ચોપટ થઈ જાય છે.

જેમ કોઈ સરકારી ખાતાની રેડ-(raid)-છાપો પડે અને જે તે બધું છીનવાઈ જાય છે તેમ મૃત્યુની (raid) રેડ પડતાં બધું જ છિન્નભિન્ન થઈ જાય છે. મૃત્યુ સમયે પશ્ચાત્તાપ થાય છે કે પ્રભુએ આટલું બધું આપ્યું પણ આપણે ભગવાનને કંઈ જ ન ધર્યું. કંઈ જ અર્પણ ન કર્યું.

ધર્મ ભીતરથી ઉત્પન્ન થયેલું સંગીત છે, ઉપરથી લાદેલું આભૂષણ નહિ. મુમુક્ષુ પ્રભુનો રાજીપો મેળવવા મથે છે, લોકરંજન માટે નહિ. **ધાર્મિક પ્રવૃત્તિથી અહંકારની પુષ્ટિ થવી ન જોઈએ.** અંતર બદલાયા વિના માત્ર બાહ્ય આચરણ બદલાય તો તેમાંથી શાંતિ, તૃપ્તિ, આનંદ, પ્રેમ વગેરે ધર્મની કોઈ સુગંધ અનુભવાતી નથી.

મુમુક્ષુ અંતર્યાત્રા કરે છે અને જે મુમુક્ષુ નથી તે બાહ્ય યાત્રા કરે છે અને પોતાના માનની રક્ષા અને વૃદ્ધિમાં જ લાગેલો રહે છે. **અહં એ આંતરિક દરિદ્રતાનું લક્ષણ છે.** મુમુક્ષુ અને અમુમુક્ષુ બંનેની બાહ્ય પ્રવૃત્તિ સમાન હોઈ શકે છે પણ બંનેનાં પ્રયોજન જુદાં હોય છે. એકની દૃષ્ટિ અંતર તરફ હોય છે જ્યારે બીજાની બહારની તરફ હોય છે.

'વચનામૃત', પત્રાંક ૯૩૫, પૃ. ૧૨ ❑

## (૮) 'નામ'નો મહિમા-શ્રીરમણ મહર્ષિ

સૂરિનાગમ્મા

એક યાત્રીએ ભગવાન રમણ મહર્ષિને પ્રશ્ન કર્યો કે મોક્ષ પ્રાપ્તિનો સૌથી સરળ ઉપાય કયો છે ?

**શ્રીમહર્ષિ :** જ્યાં અને જ્યારે મન ભાગે ત્યાંથી ત્યારે જ એને વાળીને અંતર્મુખ કરી આત્મ-વિચારમાં સ્થિર કરવું જોઈએ, એ જ એક માર્ગ છે.

**પ્રશ્ન :** એમ કરવા માટે, રામ નામનો જપ સારો છેને ?

**શ્રીમહર્ષિ :** અવશ્ય, એનાથી વધુ સારું શું છે ? રામનામના જપનો મહિમા અસાધારણ છે. તમને નામદેવની કથા ખબર છે ? નામદેવે કહ્યું છે કે જો તમારે રામનામનો મહિમા જાણવો હોય તો પહેલાં તમારે એ જાણવું પડશે કે તમારું પોતાનું સાચું નામ શું છે ? તમે કોણ છો અને કેમ જન્મેલા ? જ્યાં સુધી તમને તમારા મૂળની ખબર નથી ત્યાં સુધી તમને તમારા નામની ખબર નહિ પડે.

હનુમાનજી જ્યારે સીતાજીની શોધમાં ગયેલા ત્યારે એમણે રાવણના દરબારમાં એની સામે એક ઊંચા આસન પર બેસીને નિર્ભયપણે કહેલું કે હે રાવણ ! હું તને મોક્ષ પ્રાપ્તિનો ઉપદેશ દઉં છું એને ધ્યાનપૂર્વક સાંભળ. હરિ જે સર્વનો હૃદય કમળમાં સદૈવ રહે છે, એમની ગહન ભક્તિથી ચિત્તની શુદ્ધિ થઈ જાય છે એ નિશ્ચિત છે. એ પછી અહંકારનો નાશ થાય છે અને પછી પાપોનો નાશ થાય છે. ત્યાર પછી અલૌકિક જ્ઞાનની એ શુદ્ધ ચિત્તમાં ઉત્પત્તિ થાય છે. શુદ્ધ મન અને દૃઢ જ્ઞાનથી ઉત્પન્ન આનંદને કારણે મંત્ર જેવા બે અક્ષરો 'રા' અને 'મ' તારી ભીતર સ્વયં ધ્વનિત થવા માંડશે. ભગવાનનાં ચરણકમળની પૂજા કરવાથી બધા ભવભય દૂર થશે. ભગવાન કરોડો સૂર્યના અજવાળાથી પણ અધિક પ્રકાશમાન છે. પ્રથમ મનનું અજ્ઞાન દૂર કરો.

રામનામનો મહિમા શું ઓછો છે ? કિંતુ જપ કરવાની વિધિની અવશ્ય ખબર હોવી જોઈએ. જપ કરવા માટે એમ કહેવાયું છે કે, 'પ્રાણાયામે વિનિયોગઃ' જેનો અર્થ થાય છે કે શ્વાસ-પ્રશ્વાસનું નિયમન કરવું જોઈએ. પહેલાં પ્રાણાયામ કર્યા પછી જ જપ કરવા જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો મનને સંયમિત કરવું જોઈએ.

જ્ઞાન સમ્બન્ધાર શિવના ભક્ત છે. એમણે એક શ્લોકમાં શિવ પંચાક્ષરી મંત્ર (નમઃશિવાય)ના જપની વિધિ સમજાવી છે. એ શ્લોકમાં કહેવામાં આવ્યું છે કે **પહેલાં નવ દ્વારોને બંધ કરવાં જોઈએ** (માનવ શરીરનાં નવ દ્વાર છે-બે આંખો, બે કાન, બે નસકોરાં એક મુખ, એક ગુદા અને એક જનનેન્દ્રિય) એમાંથી જ મન બહાર ભાગતું હોય છે. એટલે એને તાળું મારીને શિવના પંચાક્ષર મંત્રનો જપ કરવો.

ઇંદ્રિયોના નિયમનથી મનનું નિયમન થાય છે એને રોકવાથી મનનું નિમજ્જન થાય છે, મન હૃદયમાં ડૂબકી મારે છે. મન જ્યારે ડૂબી જાય છે, ત્યારે શેષ વધે છે તે નિજાત્મા-પોતાનો આત્મા ! સાધક આત્મા પર ધ્યાન કેંદ્રિત કરે છે અને જપ આત્માનો જપ થઈ જાય છે, જપ જ નિજાત્મા થઈ જાય છે. જે અંતરની ભીતર વારંવાર થાય એને અજપા કહેવાય. જે મુખેથી બોલાય છે એને અજપા ન કહેવાય.

બધા લોકો માટે બધો સમય જપ કરવો સંભવ નથી. તેથી જ પૂર્વજોએ કહ્યું છે કે માણસે થોડીવાર જપ કરવો, થોડી સ્તુતિ ગાવી, પછી કંઈક વાંચવું જોઈએ, કંઈક લખવું જોઈએ. એ રીતે મનને સારાં કામોમાં લગાડીને બૂરી ટેવોથી બચાવવું જોઈએ.

ગીતામાં કહ્યું છે કે મનને અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા ભટકતું અટકાવવું જોઈએ. જપ પણ એ પ્રકારનું જ સાધન છે. જપ કરતાં કરતાં મનને ધીરે ધીરે એકાગ્ર કરી દેવું જોઈએ. એકાગ્રતા પ્રાપ્ત કરવા માટે જ આધ્યાત્મિક સાધનાના બીજા બધા ઉપાય બતાવવામાં આવ્યા છે.

અભ્યાસ અને વૈરાગ્યથી મનનો નિરોધ થાય તેવો પાતંજલિ યોગસૂત્રમાં ઉલ્લેખ છે.

'પત્રો-સંસ્મરણો', પ્ર. આ., પૃ. ૩૩૨ ❑

## (૯) વચનામૃત

**તપસ્વી સહલ તસ્તરી**

(૧) આ જગતમાં પ્રભુના જેવો કોઈ પણ સાચો સહાયક નથી અને પ્રભુપ્રેરિત મહાપુરુષના જેવો કોઈ સન્માર્ગદર્શક નથી.

(૨) મહેનત-મજૂરીમાં, ધર્મકાર્યોમાં કે પ્રભુ ઉપર નિર્ભર રહેવામાં જે માણસ દોષ કે હલકાઈ માને છે તે પરમાત્માશ્રદ્ધામાં દોષારોપ કરે છે.

(૩) પાતાળથી દેવલોક સુધીમાં પ્રભુએ જે જે ભૂમિકાઓ બનાવેલી છે તેમાં પ્રભુવિશ્વાસી મનુષ્યની હૃદયભૂમિકા જેવી ઉત્તમ ભૂમિકા કોઈ પણ નથી.

(૪) **માણસને સર્જીને પછી પ્રભુએ કહ્યું કે તું તારી ગૂઢમાં ગૂઢ વાત પણ મને કરજે. જો ગુપ્ત વાતો ન કહી શકે તો મારા તરફ દૃષ્ટિ તો રાખ્યા જ કરજે, જો તેમ પણ ન કરે તો તારી અગવડો અને જરૂરિયાતો મને કહેતો રહેજે.**

(૫) પોતાના ઉપર જે જય મેળવે છે તે જ બીજાના ઉપર જય મેળવી શકે છે. લોકૈષણા, વિત્તૈષણા અને પુત્રૈષણાની સામે સંગ્રામ કરી એનો નાશ કરવો એના જેવી ઉત્તમ બીજી કોઈ સાધના નથી.

(૬) મનને સાચે રસ્તે ચઢાવવામાં પ્રથમ પગથિયું છે સત્યનો સ્વીકાર. બીજું પગથિયું છે સંસારથી ઉપરામતા. ત્રીજું પગથિયું છે આચરણની પવિત્રતા અને ચોથું પગથિયું છે પ્રભુપ્રત્યે ગુનાહોની ક્ષમા પ્રાર્થના.

(૭) અલ્પાહારમાં, દિવ્ય શાંતિમાં અને લોક-સંસર્ગના ત્યાગમાં સાધુતા રહેલી છે.

(૮) કોઈ પણ ખાસ જરૂરની ચીજ તમારી પાસે ન હોય, તોપણ તમારા ભલા માટે જ પ્રભુની ઈચ્છા તેવી હશે એવા સાચા સમાધાનપૂર્વક શાંત રહેવું એનું નામ છે પ્રભુપર નિર્ભરતા.

(૯) રાત્રે ઉપાસના કરનારને જેવું ફળ પ્રાપ્ત થાય છે તેવું જ ફળ જેઓ દિવસે અન્યને નુકસાન કરતા નથી તેઓને પ્રાપ્ત થતું હોય છે.

(૧૦) દિવસ અને રાત્રિમાં થઈને એક જ વાર ભોજન કરે એ સાત્ત્વિકોનું ભોજન, બે વાર ભોજન કરે એ રજોગુણી લોકોનું ભોજન અને ત્રણ વાર ભોજન કરે એ તામસી માણસોનું ભોજન છે.

(૧૧) કોઈ સાધક ઘણા દિવસ સુધી કશું જ ન ખાય તો તેનો જઠરાગ્નિ બ્રહ્મજ્યોતિમાં હોમાઈ જાય છે.

(૧૨) વાણીના સંયમમાં, ઓછી નિદ્રામાં, ઓછા આહારમાં અને એકાંતમાં તમારું કલ્યાણ રહેલું છે.

(૧૩) ઈશ્વરી પ્રેમમાં જેનું અંતર અત્યંત કોમળ બનેલું છે, તેની પાસે પાપરૂપી અસુર આવી શકતો નથી.

(૧૪) પ્રભુ અને પ્રભુભક્તની વચ્ચે અભિમાન જેવો બીજો અંતરાય નથી.

(૧૫) પ્રભુને પામવા માટે દીનતા અને હીનતા-લૌકિક પદાર્થ ન રાખવા જેવો બીજો સહેલો માર્ગ નથી.

(૧૬) બીજાઓના હિત માટે બેદરકાર અને પોતાના જ સ્વાર્થ સાધનાર માણસમાંથી સત્યની સુગંધના બદલે જૂઠ-પ્રપંચની દુર્ગંધ જ નીકળે છે.

(૧૭) સંસારમાં રહીને ઈશ્વરાજ્ઞાનું પાલન કરવું, એ સંસારમાં જ સ્વર્ગ પામવા તુલ્ય છે.

(૧૮) આશ્રય લેવા યોગ્ય :- (૧) ઈશ્વરી ગ્રંથનું અવલંબન, (૨) ઋષિમુનિઓએ પ્રચારેલી ઈશ્વરાજ્ઞાનું અવલંબન, (૩) ખાનપાનની પવિત્રતા (૪) પીડનાર અને નિંદનારને નિંદવા-પીડવાથી દૂર રહેવું (૫) આપવાના વિચારનો તુર્ત જ અમલ અને (૬) નિષિદ્ધ બાબતોથી દૂર રહેવું.

'મુસ્લિમ મહાત્માઓ', પ્ર. આ., પૃ. ૨૭૭
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય પ્રકાશન ❑

# (૧૦) યોગ એટલે શું ?

**શ્રી બિપીનભાઈ ગામી**

**(૧) પારંપારિક શૈલીમાં : પ્રાચીન અર્થઘટન**

આરોગ્ય બાબત ભારતીય સંસ્કૃતિનો વિશ્વને આપેલો એક અનેરો ઉપહાર, 'યૌગિક તત્ત્વદર્શન અને યૌગિક જ્ઞાન' અનોખી ભેટ છે. એવું કહેવાય છે કે યોગવિદ્યાનો વિકાસ તો હજારો વર્ષો પહેલાં વિકસિત થયેલ હતો. પ્રજાના આરોગ્ય અને સ્વાસ્થ્યની સંભાળ માટે પ્રાચીન યોગવિદ્યા કે જે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટેનું સંપૂર્ણ વિજ્ઞાન, સાથે જ આધ્યાત્મિક ઉત્કર્ષ માટેનું દર્શન શાસ્ત્ર છે, તે ઘણું જ કરકસરયુક્ત છતાં અસરકારક રીતે વિશ્વભરમાં ઉપયોગમાં લેવાઈ રહેલ છે. આધુનિક શિક્ષણશાસ્ત્રના જે ગ્રંથનું પ્રદાન પ્રાપ્ય છે, તેમાં પૂ. ઋષિ પતંજલિ રચિત 'યોગસૂત્ર' શિરોમણિ છે, જેનો વિષય છે 'યોગ.'

યોગના પર્યાયવાચી શબ્દ છે : જોડવું, મેળવવું, સંયોગ, સંબંધ, સંગતિ, ધ્યાન, યુક્તિ, ચિત્તવૃત્તિનો નિરોધ વગેરે. આ બધા શબ્દોનું મૂળ છે સંસ્કૃત ભાષાનો શબ્દ 'યુજ.'

યોગનો અર્થ થાય છે, જોડવું, એક કરવું, મતલબ જોડાઈ જવાની સ્થિતિ.

યોગીનો અર્થ થાય છે જોડાઈ જવાની સ્થિતિએ પહોંચવા પ્રયત્ન કરતો કે પહોંચી ગયેલ. સમત્વ બુદ્ધિ, કર્મમાં કૌશલં, અનન્યભક્તિયુક્ત.

યુક્ત-યુક્તિનો અર્થ થાય છે જોડાઈ ગયેલો. 'યોગ' એટલે જ યુનિવર્સ સાથેનું નિત્ય જોડાણ.

'યોગ' એટલે યુક્તિ એમ પણ એક અર્થ થાય છે. 'યુક્તિ' એટલે પરમ સાથે અનુસંધાનની ટેક્નિક કે જે પતંજલિ યોગદર્શનનું ધ્યેય છે. જે અષ્ટાંગ યોગ કહેવાય છે, જેમાં હઠયોગ, મંત્રયોગ, લય યોગ વગેરે બધાનો સમાવેશ થાય છે.

ગીતામાં કહ્યું છે : 'સમત્વમ્ યોગ ઉચ્યતે' સમતા એ યોગ છે. રાગદ્વેષ, જય-પરાજય વગેરેમાં સમતા રાખવી, અડગ રહી ચિત્ત પર તેની અસર ન થવા દેવી એ યોગ છે.

'યોગઃ કર્મસુ કૌશલં' દરેક કર્મ કુશળતાપૂર્વક ઈશ્વરની યાદમાં કરવું તેને યોગ કહ્યો છે.

શ્રી હેમચંદ્રાચાર્યજી : 'સર્વચિંત પરિત્યાગો નિશ્ચયન્તો યોગ ઉચ્યતે' બધી ચિંતા ત્યજીને ચિંતા રહિત બનવું એ યોગ છે.

મહર્ષિ પતંજલિ : 'યોગશ્ચિત વૃત્તિ નિરોધઃ મનની ચંચળવૃત્તિને અટકાવવું-જે વિજ્ઞાન. આત્મજ્ઞાન પ્રાપ્તિનો મંત્ર બતાવે તેને યોગશાસ્ત્ર કહે છે.'

પતંજલિ યોગદર્શનમાં 'યોગ'ની પરિભાષા આપતાં કહેવામાં આવ્યું છે કે, 'યોગઃ ચિત્તવૃત્તિ નિરોધઃ' એના માટે ઋષિ પતંજલિએ 'અષ્ટાંગ યોગ'ની રચના કરી હતી. આ અષ્ટાંગ યોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો સમાવેશ કરવામાં આવ્યાં છે.

(૧) આત્મા પરમાત્માનું મિલન એટલે યોગ (૨) તન-મનનું બૅલેન્સ (સુમેળ) એટલે યોગ (૩) કર્મેદ્રિયો પર કંટ્રોલ એટલે યોગ (૪) મનનો દૃઢ સંકલ્પ એટલે યોગ (૫) સમયનો સદુપયોગ એટલે યોગ (૬) સંસ્કારોનું ચણતર અને ઘડતર કરવું એટલે યોગ.

યોગાસન એ ચિકિત્સા માટે નથી, પણ સ્વાસ્થ્ય સુરક્ષા તેનો હેતુ છે. એ એક એવી ક્રિયા છે કે જેના થકી આપણે ઘણી જ સારી રીતે વિચારી શકીએ છીએ, વિના સંકોચ-અડચણ શ્વાસ લઈ શકીએ છીએ અને દરેક કાર્ય સારી રીતે ચોકસાઈથી કરી શકીએ છીએ. આપણા શરીરમાં રહેલ પાંચ જ્ઞાનેન્દ્રિય-(આંખ, કાન, નાક, જીભ, ત્વચા) તથા પાંચ કર્મેન્દ્રિયો-(હાથ, પગ, ગુદા, લિંગ, વાણી) વડે જીવનક્રિયા કરી શકીએ છીએ.

## (૨) અર્વાચીન શૈલી : અર્થઘટન

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓમાં હિંદુ સંસ્કૃતિની ગણના થાય છે. હિંદુ ધર્મની લગભગ બધી જ પ્રક્રિયામાં, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જૈવિક-વિજ્ઞાન, બાયોલૉજિ વગેરે જેવા અન્ય અનેક વિજ્ઞાનના ફલક જેવાં પાયાના સિદ્ધાંતો, જાણે અજાણે સમાયેલા જ છે. તેમ છતાં, આપણે આપણી શ્રેષ્ઠ સંસ્કૃતિનાં મૂલ્યોથી વિમુખ થઈ રહ્યા છીએ અને વિશ્વના વિજ્ઞાનીઓ અને બૌદ્ધિકો એટલી જ ઉત્સુકતાથી ભારતીય તત્ત્વદર્શન તરફ આકૃષ્ટ થઈ રહ્યા છે.

યોગવિજ્ઞાનના પદ્ધતિસરના અધ્યયનથી જીવનમાં ભલે કર્મનો ઝંઝાવાત હોય પણ તમો અંતરમાં નિષ્કંપ રહી શકો એ હોવાની ગુણવત્તા વિકસાવવી, વિષયની સાથે તાદાત્મ્ય સાધ્યા વિના અલિપ્ત રહીને તેને જોઈ શકો, સાધકના શરીરના અંદર કુદરતી રીતે થઈ રહેલ સતત સંગઠિત ક્રિયા-પ્રતિક્રિયા દ્વારા આંતરિક છૂપી રીતે પડી રહેલ સુષુપ્ત તાકાત અને વણવપરાયેલો શક્તિનો એહસાસ કરાવવો (જે એક ચલિત મેડિટેશન તરીકે ઓળખાય છે) જેવા અર્થઘટન કરવામાં આવી રહેલ છે.

અષ્ટાંગયોગનું પ્રથમ સોપાન-ચરણ ‘યમ-નિયમ’ એટલે પવિત્ર મને પોતાની જાતનો સ્વાધ્યાય કરવો. સ્વ-પોતીકું-જાતે, અધ્યાય (અભ્યાન-અભ્યાસ). જીવનમાં આત્મદર્શન એ જ મોક્ષનો માર્ગ છે. આ માટે જરૂર છે, નિજની ઓળખાણ-પોતાની જાતની પહેચાન, અને તેના માટે અંતરના ઊંડાણમાં જોવું પડે, તે જ બ્રહ્મનિષ્ઠ બની શકે છે. આ માટેનું સોપાન છે મનના સંકલ્પ વિકલ્પો અટકાવી મનને સ્થિર કરી આત્મદર્શનથી જ્ઞાની બનવું.

એનો મતલબ, ઈશ્વર પરિધારણ આપણા જીવનમાં કુદરત સાથેનો આપણો તાલમેલ કેવો છે ? કેટલે અંશે આપણી શારીરિક, માનસિક તેમ જ આધ્યાત્મિક પરિસ્થિતિની કક્ષાએ આપણે યૌગિક સિદ્ધાંતો (પાંચ યમના-અહિંસા, સત્ય, અસત્યે, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ અને પાંચ નિયમના-શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન)ને સારી રીતે સમજી-વિચારી તેનો અમલ કરીએ છીએ ? આપણા જીવન જીવ્યાનો હેતુ શું છે ? આસનો કેવાં છે અને કયા પ્રકારે કરવામાં આવે છે તે ન જોતાં, દિનપ્રતિદિન ‘આસનો’ની તન, મન, અને ચેતના ઉપર કેવી ‘અસર’ થાય છે વગેરેને ધ્યાનમાં લઈ, તેને અનુરૂપ સંલગ્ન સઘળાં પાસાંઓનો સંપૂર્ણ અભ્યાસ કરવો, તે જ સાચા અર્થમાં ‘યોગ’ કહી શકાય છે.

જિંદગીની હરપલ માનવીને નિજની ઓળખાણ-પોતાની જાતની પહેચાન અને તેના માટે અંતરના ઊંડાણમાં જોવાની તક પૂરી પાડે છે. આપણે કેવું વિચારીએ છીએ, કેવું બોલીએ-ચાલીએ છીએ, અન્યોની સાથેનો આપણો વ્યવહાર કેવો રાખીએ છીએ, આપણને સામેથી બિહામણો કે આનંદિત કેવો પ્રતિસાદ મળે છે, તે આપણે અનુભવીએ છીએ આ સર્વનો અભ્યાસ એટલે જ ‘સ્વાધ્યાય’. આ થકી જ આપણે નિજની ઓળખ જોઈ-જાણી શકીએ.

સ્વાભાવિક જ આપણી હરકતો જે બીજાને પસંદ ન હોય તેને અનાયાસે જ છુપાવવાની વૃત્તિ આપણે ધરાવીએ છીએ. એમ કરવામાં આપણે એક સંપૂર્ણ માણસાઈ-આપણે અને આપણા પડછાયાને એક કરી તાદાત્મ્યતાનો અનુભવ કરીએ છીએ. આ છે ‘યોગ’ના સિદ્ધાંતનું અમલીકરણ. આ દૃષ્ટિએ આના ઉપરથી ફલિત થઈ શકે છે માનવીના મનને આવી શક્તિ વારસામાં જ પ્રાપ્ય થયેલ છે અને તે રીતે યોગ તો પછીથી આવેલ છે. દા.ત., માનવી શું અને શા માટે વિચારે છે અને તેના શારીરિક પ્રત્યાઘાત કેવા રહે છે ? ખરેખર સાચી માન્યતા શું છે ? આવી માન્યતા ક્યાંથી આવી ? શું આ બધી હકીકત સાચી નથી ? (ક્રમશઃ)

## (૧૧) પ્રેતવિદ્યા

**શ્રીમોટા**

એકવાર ચિત્રકૂટ નામના કોઈ નિર્જન સ્થળે સાધના અર્થે જવાનું આ જીવને બન્યું હતું. ત્યારે એક બ્રાહ્મણ વિદ્વાન પંડિત રોજ એકવાર જમવાનું આપી જતા હતા.

આવે વખતે જે કોઈ જમવાનું આપવા કરવા આવે, તેની સાથે કોઈ પણ પ્રકારની વાતચીત હું કરતો નહિ. તે પંડિતજી સાથે મેં કશી વાતચીત કરેલી નહિ, પરંતુ ત્યાંથી જતી વખતે તેમણે મારું સરનામું લઈ લીધું હતું.

આ પંડિત એકવાર નડિયાદ પધાર્યા હતા. મારી બાએ તેમને સીધુ સામગ્રી આપીને તેમની પાસે રસોઈ કરાવી હતી, કારણ કે તેઓ બીજા કોઈના હાથનું જમતા નહિ.

મને તેમણે જણાવ્યું કે 'હું કદી ઘરમાં સૂતો નથી.' મેં તેમને કહ્યું કે 'હું તો રોજ ગામબહાર સ્મશાનમાં સૂવા જઉં છું, એટલે તમે મારી સાથે આવજો.'

અમે બંને તે રાત્રે સ્મશાનમાં સૂતા, હું પણ રાત્રે મારું સાધન કર્યા કરું અને તે પણ તેમનું, તેઓ કોઈ મેલી વિદ્યાના સાધક હશે, એવા કોઈક સંસ્કારની છાપ મારા મન પર ત્યારે પડી હતી, અને તે પ્રકારની વાતચીત પણ તે પછીથી તેમણે મને કરી હતી.

**પ્રેતની પણ યોનિ છે, જેમ મનુષ્યની યોનિ છે તેમ.** અને તેવી મંત્રવિદ્યાથી તેને પ્રત્યક્ષ કરી શકાય છે. તેમ તેમણે મને તે રીતે પ્રત્યક્ષ કરીને પણ બતાવ્યું. તે મને કહે કે 'મારે આ વિદ્યાનું છેલ્લું એક પગલું ભરવાનું છે. તેની પરિપૂર્ણતા થવા કાજે અમુક પ્રકારનો યજ્ઞ કરીને તેમાં અમુક અમુક હોમવાનું હોય છે, તે બધી વિધિ કરીને આની પૂર્ણાહુતિ થાય તો મને આ વિદ્યાની પૂરેપૂરી સિદ્ધિ મળી જાય.

મેં તેમને કહ્યું કે 'અમારે આવી વિદ્યા સાથે સંબંધ નથી. અમારે તો સ્વરાજ જોઈએ છે.' તો કહે કે 'આ પ્રેતવિદ્યાથી વાઈસરૉયને પણ ડગમગાવી શકાય અને તેનો બીજા પર પ્રત્યક્ષ પ્રયોગ કરીને પણ તમને બતાવી શકાય, પરંતુ હાલમાં તેવું બને તેમ નથી, કારણ કે મારે તે વિદ્યાની પૂર્ણાહુતિ કરવાને માટે એક યજ્ઞ કરવાની જરૂર છે અને તેમાં જે તે બધું હોમવાની વિધિ કરવાની છે, અને તેને માટેની રકમ લેવા તમારી કને આવ્યો છું.'

મેં તેમને મારી બધી આર્થિક સ્થિતિની હકીકત સાફ સાફ જણાવી દીધી. તેમણે મને સૂચવ્યું કે ઉઘરાણું કરાવી આપીને પણ મને મદદ કરો. તે બાબતની પણ મારી લાચારી છે અને મારાથી તેવું પણ બની શકે તેમ નથી, તેની પણ સ્પષ્ટતા કરી દીધી અને અમદાવાદ જવાનું ભાડું આપીને તેમને વિદાય કરી દીધા.

આવા પ્રકારની મેલી વિદ્યાના પણ મંત્ર હોય છે તેની ખાતરી પણ પ્રથમ વખત મને ત્યારે થઈ. તેવી વિદ્યાની સાધનાથી એમનો વિષય સાક્ષાત્ સાકારરૂપ ધારણ કરી શકે છે. એવું સૂઝવાથી તે પંડિતના પ્રત્યક્ષ તેવા પ્રયોગથી મને પોતાને મારી સાધનાના અભ્યાસમાં વિશેષ આત્મવિશ્વાસ અને નવો પ્રાણ પ્રગટ્યો. આ ભાઈની પ્રવૃત્તિ તો નકારાત્મક હતી, પરંતુ મને પોતાને તો તેનાથી લાભ જ થયો. મક્કમ દૃઢ નિર્ણય પ્રગટ્યા વિના

**(અનુસંધાન પૃ. ૨૨ પર)**

## (૧૨) નારી અબળા નહિ સબળા છે !

**ડૉ. સુધીર મોદી**

*(ડૉ. સુધીર મોદી વ્યવસાયે ડૉક્ટર છે પરંતુ પ્રકૃતિએ ભક્ત હૃદયવાળા છે. તેમના લખાણ-રચનાઓ 'અખંડાનંદ', 'જનકલ્યાણ' અને 'હરિભાવ'માં સ્થાન પામે છે. વ્યવસાય દરમિયાન જેમના સંપર્કમાં આવવાનું બને તેમના જીવનમાંથી તેઓ જે જાણે તેને શબ્દદેહ આપે. **'બારી દવાખાનાની'**નું હમણાં લોકાર્પણ થયું.*

*પૂજ્ય શ્રીમોટાના સાહિત્યના અભ્યાસી એવા ડૉ. મોદી સાહેબ હરિઃૐ આશ્રમ, નડિયાદમાં મૌન અનુષ્ઠાન કરે છે. ઉપરોક્ત પ્રકાશન તેઓશ્રીએ પૂજ્ય શ્રીમોટાને અર્પણ કરેલ છે. તે પ્રકાશનમાંથી આ લખાણ લેવાયું છે. -**સંપાદક**)*

અલકા અને સુનીલ જુદી જુદી કૉલેજમાં ભણતાં હતાં, પરંતુ બંને મારા દવાખાનાની પાસે નવરંગપુરામાં રહે. નવરાત્રિમાં રાસગરબા રમતા દિલ મળી ગયાં. ત્યાર બાદ તો બને છે તેમ લગ્ન કરવાની ઉતાવળ કરવા લાગ્યાં. બંનેનાં કુટુંબોએ ઘણા સમજાવ્યા કે પહેલાં ભણવાનું પૂરું કરો, પછી આગળ વિચારીશું, પરંતુ પ્રેમ આંધળો કહેવાય છે. સાથે સાથે બહેરો પણ કહેવાય. બીજું કશું દેખાય જ નહિ કે સંભળાય નહિ. છેવટે બંને કુટુંબોએ તેઓને પરણાવ્યાં. આ વાત થઈ આશરે સત્તાવીસ વર્ષ પહેલાંની.

હવે તો સંસારચક્રમાં પડ્યાં એટલે સંસારરથ ચાલવા લાગ્યો. સંયુક્ત કુટુંબમાં રહેવાનું, કમાવાની જરૂરિયાત તથા એક વર્ષ બાદ ઘરમાં બાળકનું આગમન. સુનીલ વારાફરતી ચારપાંચ વ્યવસાયમાં પડ્યો, પરંતુ દરેકમાં ઊંધા માથે પટકાયો. કમાવાને બદલે ઘરના પૈસા મૂકવાનો વારો આવ્યો. બીજાં બાળકનું પણ આગમન થઈ ગયું. બાપુજીનું અવસાન થયું. ઘરમાં આવક બંધ થઈ ગઈ. ઘરની સર્વે જવાબદારીઓ માથે આવી ગઈ. સમાજમાં બને છે તેમ સગાંવહાલાં થોડો સમય મદદ કરે, કાયમ તો ના જ કરે ! હતાશા ઘેરી વળી. હતાશામાં અને હતાશામાં સુનીલ થોડો વ્યસન તરફ વળી ગયો.

મને વિચાર આવે કે, અલકા અને સુનીલની કેવી સરસ જોડી હતી ! પ્રેમમાં પડ્યાં તે તો બરાબર, પરંતુ લગ્ન કરવાની ઉતાવળમાં સારી ડિગ્રી ના લીધી અને કેવી દશામાં આવી ગયાં ? ઘરમાં રોજ તંગીના હિસાબે વાતાવરણ ડહોળાયેલું રહે. બાળકોને ઉછેરવાની, ભણાવવાની જવાબદારી અને બધાંનો પેટનો ખાડો તો પૂરવો જ પડે ! આગળ શું થશે ? કેટલું અને કેમનું ચાલશે ? આમ ને આમ પાંચેક વર્ષ ખેંચાયાં. શું ભવિષ્ય ? કુટુંબ ચિંતાનાં વમળમાં ડૂબવા લાગ્યું.

પરંતુ અલકાએ બાજી હાથમાં લઈ સંભાળવા માંડી. અલકાએ ઘરે આ વિસ્તારમાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા વિદ્યાર્થીઓને જમાડવાની શરૂઆત કરી. ઘરની સારી સ્વચ્છ રસોઈ જમવા મળતાં, જમવા આવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ધીરે ધીરે વધવા લાગી. સાથે સાથે હવે તો ટિફિન મોકલવાનું શરૂ કર્યું. સવારથી રાત્રિ સુધી આ કામમાં મચી પડી એમ જ કહેવાય.

અનાજ, કઠોળ, મસાલાં, શાકભાજી વગેરે લાવવાનાં, સવારે ૧૦ થી ૨ અને સાંજે ૭ થી ૧૦ વિદ્યાર્થીઓને જમાડવાના, રસોઈ બનાવવાની, હિસાબો રાખવાના વગેરે કામોનો પાર નહિ. સાથે સાથે પોતાનાં બે બાળકોને ઉછેરવાનાં અને

ભણાવવાનાં. સુનીલ શરૂઆતમાં થોડો સમય અલિપ્ત રહ્યો. ઘરમાં બેઠો રહે પણ કાંઈ કરે નહિ, પરંતુ સમય જતાં તેને પણ ભાન થવા લાગ્યું કે અલકા સવારથી રાત્રિ સુધી કેટલી સખત મહેનત કરે છે !

અલકા દવા લેવા આવે ત્યારે મારે તેની સાથે વાત થાય અને પૂછું, 'થાકતી નથી ?' અલકા કહે, 'સાહેબ, મારે બે બાળકોને સારું ભણાવવા છે. તેમને તકલીફ પડવી ના જોઈએ. નજર સમક્ષ આ ધ્યેય રાખ્યું છે એટલે કશો થાક કે મુશ્કેલી લાગતી નથી.' મને પણ થાય છે કે ધન્ય છે અલકાના ધ્યેયને, મહેનતને અને હિંમતને.

હવે તો સુનીલે પણ મદદ કરવાનું શરૂ કર્યું. સવારે મોટી માર્કેટ જઈ તાજાં શાકભાજી લઈ આવે. ટિફિન પહોંચાડવા જવા લાગ્યો, પરંતુ દારૂનું વ્યસન લાગ્યું હતું તે ના છૂટે.

ઘરમાં સંતાનો મોટાં થતાં તેને પણ શરમ આવવા લાગી. વ્યસન છોડાવવા અલકા તેને ડૉક્ટરો પાસે લઈ જાય, સમજાવે અને મહેનત કરે. સુનીલને વ્યસન છોડાવવા પ્રયત્ન કરે પણ નિષ્ફળ જાય. અલકા ધીરજથી અને હિંમતથી કામ લે.

દરમિયાન એક વર્ષ સાસુની બીમારી આવી ગઈ. બીજા વર્ષે અલકાને પણ ઑપરેશન કરાવવું પડ્યું. તકલીફોનો પાર નહિ, પરંતુ અલકા હિંમત ના હારી. બાળકોને કૉલેજમાં ભણાવ્યાં અને સારી રીતે મોટાં કર્યાં. તેમનું વિદ્યાર્થીઓને જમાડવાનું કામ સારી રીતે ચાલતું રહ્યું અને એ પૈસે ટકે સુખી થવાં લાગ્યાં. સુનીલને પણ વ્યસન છોડાવવામાં સફળતા મળી.

હવે તો તેમનો સુખી સંસાર જોઈ મને પણ આનંદ થયો. મનમાં થયું કે, **'નારી અબળા નહિ પણ સબળા છે. તેનામાં સહનશક્તિ, ધીરજ અને હિંમતનો ભંડાર છે. આવી નારીશક્તિને વંદન જ હોય !'**

'બારી દવાખાનાની', પ્ર. આ., પૃ. ૨૧ ❑

**વૈશ્ય-ઋષિ (અનુસંધાન પૃ. ૫નું ચાલુ)**

દિલમાં શંકા જાગી. આખરે મુનીમે બધી વાત વિગતથી કહી દીધી. શેઠે જરા ગરમ થઈને કહ્યું કે સરકાર જરૂર પરદેશી છે પણ સત્ય કે વ્યવહારશુદ્ધિ તો પરદેશી નથીને ? શેઠ ઊંડા વિચારમાં ઊતરી ગયા. મુનીમ વફાદાર માણસ હતો. એણે જે કાંઈ કર્યું તે શેઠના માટે કર્યું. એને કંઈ સ્વાર્થ ન હતો.

શેઠ મહાત્મા ગાંધી પાસે પહોંચી ગયા. બધી વાતના ઉપસંહારમાં ગદ્ગદ કંઠે કહ્યું કે દોષ મુનીમનો નથી, મારો છે, કારણ કે વ્યવહારશુદ્ધિની મારી ભાવના હું મુનીમના મનમાં ઉતારી ન શક્યો. એણે મને બીજા વેપારી જેવો ધાર્યો. મને દંડ આપો.

ગાંધીજી એક આદર્શ વૈશ્યને ભાવભરી નજરે નીરખી રહ્યા. એમણે કહ્યું કે મુનીમે જે ધન બચાવ્યું છે એ આમ જનતા માટે ખર્ચી નાખો. મુનીમને એ વાતનો પાકો ખ્યાલ આવી જવો જોઈએ કે તમે આવી ધનરક્ષાને પાપ ગણો છો. ફરીથી એ આવું કામ નહિ કરે.

શેઠને આ વાત વાજબી લાગી. મુનીમને કાઢી મૂકવાથી કંઈ અર્થ નહિ સરે. શેઠે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. ત્રીજે દિવસે કહ્યું કે જેટલા રૂપિયા બચાવ્યા છે, એ દાનમાં આપવાના છે. માટે કરો યાદી. આખી યાદી તૈયાર થઈ ગઈ એટલે શેઠે કહ્યું કે એનું વ્યાજ ગણીને એ રકમમાં ઉમેરો.

મુનીમની આંખમાં આંસુ આવી ગયાં. એણે કહ્યું કે એ વ્યાજની રકમ મારા પગારમાંથી કાપો. પાપ મેં કર્યું. સજા મને થવી જોઈએ. શેઠે કહ્યું તમે જે કર્યું તે મારા માટે કર્યું. તમારો તેમાં કોઈ સ્વાર્થ ન હતો.

મુનીમ એક અદ્ભુત નરને અંતરમાં વંદી રહ્યો. એ નર લક્ષ્મીદાસ ન હતો.

એ વૈશ્ય-ઋષિનું નામ જમનાદાસ બજાજ.

'સ્પર્શ', શ્રી બળદેવદાસ ચૅરિટેબલ ટ્રસ્ટનું પ્રકાશન
પ્ર. આ., પૃ, ૧૨૭, સંકલન-ટૂંકાવીને સાભાર. ❑

## (૧૩) યુગધર્મના ઉદ્‌ગાતા : શ્રીમોટા

**શ્રી વિજયગુપ્ત મૌર્ય**

પૂજ્ય શ્રીમોટાના રામનવમીના ઉત્સવની ઉજવણી ટાણે સ્વાભાવિક રીતે જ સવાલ ઊઠે કે આપણને એમનો સાક્ષાત્કાર કેવી રીતે થયો ? આજ સમાજ અને રાજકારણના ક્ષેત્રે નિરીક્ષણ કરીએ તો બધે વિરોધાભાસ દેખાય છે. એક બાજુ જડવાદ ફૂલતો ફાલતો જાય છે. ઐહિક સુખો અને ઐશ્વર્ય માટે સ્પર્ધા જામી છે. કરવાં યોગ્ય અને ન કરવાં યોગ્ય કામો કરીને કોઈ હોદ્દા પર પહોંચીને પણ ધનવાન થઈ જવું છે. અથવા ધનવાન થઈને સત્તાવાન બનવું છે અને ઐશ્વર્ય માણવું છે. **આ બંનેમાં પહેલો ભોગ સદાચારનો લેવાય છે.**

બીજી બાજુ ધર્મક્ષેત્રે જિજ્ઞાસુઓનો જુવાળ ચડે છે અને ધર્માચાર્યો હવે અખબારોમાં પણ ચમકે છે. પોતાને ભગવાન, પરમહંસ, યોગીરાજ, મહાત્મા, બાલયોગી, બાલયોગિની, મહામુનિ, મહર્ષિ, સતીમાતા વગેરે વિવિધ વિશેષણો લગાડતાં ધર્મ-ગુરુઓની જાહેરાતો અને તેમના વિશેના પ્રશંસાત્મક પરિચયો વર્તમાનપત્રોમાં પણ છપાય છે. ઘણાં તો દમામ અને ઐશ્વર્ય ભોગવી પોતાનું વિમાન અને વિમાની મથક પણ રાખે છે. આમ **ધર્મગુરુ થવું એ પણ એક કૌશલ્યપૂર્ણ ધંધો થઈ ગયો છે.** કેટલાકની પ્રવૃત્તિ પોતાના પ્રદેશ કે દેશ પૂરતી મર્યાદિત નથી. યુરોપ-અમેરિકામાં પણ તેઓ પોતાના અનુયાયી ધરાવે છે. વાક્‌ચાતુર્ય, વક્તૃત્વકળા, અંગ્રેજી પર કાબૂ, છટાદાર વ્યક્તિત્વ, તત્ત્વજ્ઞાન અને વ્યવહારમાં કૌશલ્ય વડે કેટલાકે આંતરરાષ્ટ્રીય નામના કાઢી છે. તો કોઈએ પોતાના નવા પંથ કે સંપ્રદાય કાઢ્યા છે.

**આ બધાંમાં પૂજ્ય શ્રીમોટા નિરાળા છે. તેમનો કોઈ પંથ નથી. કોઈ સંપ્રદાય નથી. કોઈ વાડો નથી.** તેમને ઐશ્વર્ય નથી જોઈતું. પ્રસિદ્ધિ નથી જોઈતી. કીર્તિ નથી ખપતી. ધન કે વૈભવ કે શિષ્યો નથી જોઈતા, તેઓ નિષ્કામ યોગી છે, પણ પોતાને યોગી તરીકે ઓળખાવતા નથી. આજના ઘણા ધર્મગુરુઓ રાજર્ષિ હોય છે. પૂજ્ય શ્રીમોટા બ્રહ્મર્ષિ છે. **તેઓ કોઈને સંસારત્યાગ કરીને વૈરાગી સાધુ થઈ જવાનું કહેતા નથી. કારણ કે તેઓ શ્રીકૃષ્ણે ઉદ્‌બોધેલા કર્મયોગમાં માને છે.** ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પૈડાંના વાહન પર સંસારની યાત્રા થવી જોઈએ અને તે સદાચારના માર્ગે થવી જોઈએ.

પૂજ્ય શ્રીમોટા વીતરાગી છે. પણ તેઓ માત્ર આત્માના ઉદ્ધાર માટે જ આત્મલક્ષી બનીને જગતને, પોતાની આસપાસના સમાજને ભૂલી નથી જતા. તેઓ પોતાને ભૂલી જાય છે પણ સમાજની ચિંતા તો તેમને પહેલી છે. તેમને માંદગીનું કષ્ટ હોવા છતાં તેઓ એ કષ્ટ ભૂલી જાય છે, કારણ કે તેઓ આત્માનો વિચાર કરે છે, શરીરનો નહિ. સમાજની ચિંતા કરે છે, પોતાની નહિ. હું એમ માનું છું કે સંસાર પર ખરો વૈરાગ્ય આવ્યો હોય તોપણ માત્ર પોતાના મોક્ષ માટે જ પ્રવૃત્તિ કરવી અને સમાજમાંથી દૃષ્ટિ ખેંચી લઈને પોતામાં જ કેંદ્રિત કરવી એ યોગ્ય નથી. પૂજ્ય શ્રીમોટા આ બંને ત્રુટિઓથી મુક્ત છે. એ તેમને એક નિરાળા ધર્મગુરુ બનાવે છે.

ધર્મનો અર્થ સદાચાર છે અને સદાચારનું મૂળ જ્ઞાનમાં છે. જ્ઞાન હશે તો વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન પણ મેળવી શકાશે. જેમ સદાચારી જીવ માટે મનનું આરોગ્ય જરૂરી છે તેમ બધી દૃષ્ટિએ તંદુરસ્ત જીવન માટે મનનું આરોગ્ય અને ખડતલપણું જરૂરી છે.

પૂજ્ય શ્રીમોટા ધ્યાન વડે મનને કેળવીને તેના ઉપર કાબૂ મેળવવાનો બોધ આપે છે. પણ તેમની દૃષ્ટિ એટલી મર્યાદામાં જ સમાઈ જતી નથી.

સંસારમાં પ્રલોભનો છે, વાસનાઓ છે, ઐહિક સુખો માણવાની તૃષ્ણાઓ જાગે એવાં આકર્ષણો છે. પશ્ચિમની આ આયાત આપણા દેશ માટે ભયરૂપ છે. પૂજ્ય શ્રીમોટા આપણા સમાજને આ અનિષ્ટોથી બચાવવા માગે છે અને તંદુરસ્ત સમાજનું ઘડતર કરવા માગે છે. આમ, સમાજ તેમના માટે બધું છે. પૂજ્ય મોટાનો મને આ રીતે સાક્ષાત્કાર થયો છે. સમયે સમયે ઈશ્વરે આ ભૂમિ પર મહાન વિભૂતિઓને મોકલીને તેમના દ્વારા કામ કરાવ્યું છે. પૂજ્ય મોટાનું આવું જ મિશન છે. એવું ન હોત તો નર્મદામાં પડ્યા પછી ભુલાઈ ગયા હોત.

પૂજ્ય શ્રીમોટાની આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિ પરસ્પરની પૂરક છે. પ્રાચીન કાળમાં જ્ઞાન માટે જરૂરી શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક શાંતિના નીપજરૂપ એકાગ્રતા ગુરુકુલો કે બૌદ્ધવિહારોમાં પ્રાપ્ત થતી. પૂજ્ય શ્રીમોટાએ સ્થાપેલા આશ્રમો કેળવણીનાં ધામ નથી. પણ આધ્યાત્મિક તાલીમનાં ધામ તો છે જ. એ મનને જીતતાં શીખવે છે, પરંતુ મન જીત્યા પછી વૈરાગી સાધુબાબા થવાની જરૂર નથી, આપણા દેશમાં એની ખોટ નથી. આપણને તો નિષ્કામ ભાવે નવી પેઢી અને પ્રજાનું ઘડતર કરે એવા કર્મયોગીઓ જોઈએ છે.

પૂજ્ય શ્રીમોટા એવા કર્મયોગી તરીકે પ્રવૃત્તિ કરે છે માટે એમને સાધ્ય તરીકે નહિ પણ સાધન તરીકે નાણાં તો જોઈએ. એટલે પૂ. ગાંધીજીના ટ્રસ્ટીપણાના સિદ્ધાંતનો અમલ પૂજ્ય મોટા ધનવાનો પાસે કરાવી રહ્યા છે. તરણસ્પર્ધા, જ્ઞાન-સંસ્કારનું ઘડતર કરનાર સાહિત્ય, સત્કર્મોને ઉત્તેજન વગેરે સામાજિક ઉત્કર્ષની યોજનાઓ દ્વારા સર્વાંગી મુક્તિ દ્વારા તંદુરસ્ત સમાજનું ઘડતર મોટા કરાવી રહ્યા છે. કોઈ ધર્મગુરુને મેં આવા ઘડવૈયા તરીકે જોયા નથી, આવો સાક્ષાત્કાર મને પૂજ્ય શ્રીમોટામાં જ થયો છે. વળી, પૂજ્ય શ્રીમોટાનાં સ્વપ્નોને સાકાર કરે એવા સાથીઓ પણ એમને મળી ગયા છે, એ પણ આપણું સદ્ભાગ્ય.

ધાર્મિક પ્રવૃત્તિના ખ્યાલ જમાના પ્રમાણે બદલાવા જોઈએ. કબૂતરને ચણ, સાધુબાવાઓ માટે સદાવ્રત, કીડીને લોટ, કૂતરાને રોટલા, હવન-હોમ આદિ રૂઢિગત કર્મકાંડ વગેરે પ્રવૃત્તિને આજના યુગ સાથે કશો સંબંધ નથી. આપણા મોટા ભાગના આગેવાનો ગંદા રાજકારણમાં પડ્યા છે. તેમને આવું કરવા કે વિચારવાની પણ ફુરસદ નથી. ઈશ્વરે પૂજ્ય શ્રીમોટાને અવતાર કૃત્ય સુઝાડ્યું છે. એમાં મોટાની પ્રવૃત્તિને જેટલો વધુ સહકાર મળશે તેટલી તે પ્રવૃત્તિ વધુ વ્યાપક બનશે અને તેથી પ્રજાનું કલ્યાણ થશે.

'સ્મૃતિ ગ્રંથ : જીવન સ્ફુલિંગ', પ્ર. આ., પૃ. ૭૦ ❑

---

**પ્રેતવિદ્યા...(અનુસંધાન પૃ. ૧૮નું ચાલુ)**

સાધનાની દિશાના પ્રયત્નમાં કશા ચેતનવંતા પ્રાણ પ્રગટી શકવાના નથી. આપણા બધાંના પ્રયત્ન પણ સાવ મડદાં જેવા છે. આપણે શું કરવા મળ્યાં હતાં અને શું કરવા સદ્ગુરુની પાસે ગયા અને તેને સ્વીકાર્યો, તે બધું ભાન જાણે કે હવામાં ઊડી ગયેલું હોય એવું મને તો લાગ્યા કરે છે. માટે કૃપા કરીને ચેતો તો સારી વાત. તમારા જીવન વડે કરીને મારે તો ગૌરવવંતા થવું છે. માટે મારા પર ઘણી ઘણી કૃપા કરજો અને મહેરબાની રાખજો.

'ભગતમાં ભગવાન', પ્ર. આ., પુનઃમુદ્રણ, પૃ. ૧૬૭ ❑

## (૧૪) લેખકના બે બોલ : નર્મદાપદે

**શ્રીમોટા**

*(પૂજ્ય શ્રીમોટા દ્વારા થયેલા સાહિત્યના પ્રકાશન સમયે તેઓશ્રીએ 'લેખકના બે બોલ' જે લખ્યા છે તેનું સંપાદન ડૉ. રમેશ ભટ્ટ દ્વારા થતાં 'દીપશિખા' નામે એક અલગ પ્રકાશન સને ૧૯૮૦માં થયેલ છે. સમયાંતરે તેમાંથી 'હરિભાવ'માં પ્રકાશિત કરવાની ભાવનાનુસાર આ પ્રારંભ છે.-**સંપાદક**)*

આ જીવના શરીરને પ્રભુકૃપાથી ફેફરુંનો રોગ લાગુ પડેલો, તેથી કંઈક શાંતિ ને પ્રસન્નતા મળે એવા હેતુથી નર્મદાતટે એકાંત મળે એટલા માટે રજા લઈને ત્યાં જવાનું બનેલું. શરૂશરૂમાં તો કોઈક ને કોઈક સ્નેહીનું સાથે રહેવાનું બનતું અને થતું. કેટલોક સમય એકલા રહેવાનું પણ બનેલું, એકવાર ત્યાં જઈ આવીને ફરીથી પાછું ત્યાં જવાનું પણ બનેલું, અને ત્યારે તો એવો મક્કમ મરણિયો નિર્ધાર થયેલો કે નબળા મનની લાગણીપ્રધાન સ્ત્રીઓના જેવો આ હિસ્ટીરિયા-ફેફરુંનો રોગ શરીરને થયો અને મરદ થઈને મારામાં એટલી પણ શક્તિ નથી કે આવા લાગણીવેડાને રોકી શકું ? આવું જીવતર નકામું સમજી નર્મદામૈયાના ખોળામાં પડતું મૂકીને જીવનને ખતમ કરવાનું દિલમાં દિલથી નક્કી કરેલું.

ગરુડેશ્વરની આગળ જતાં નર્મદામૈયાને કિનારે એક ઊંચી ભેખડ આવે છે ત્યાં આગળ ભેખડની ધારથી જરાક પાછા હઠીને એકદમ દોટ મૂકીને શ્રીનર્મદામૈયાના ખોળામાં પડતું મૂકેલું. નર્મદામૈયાનાં જળના પુનિત પ્રવાહનો પગને સ્પર્શ થયેલો, તેનું અત્યારે પણ તાદૃશ્ય ભાન છે અને તેનું જીવંત ચિત્ર હજી પણ ખડું થાય છે. તે મૃદુ, કોમળ, શીતલ સ્પર્શ થયો ન થયો ત્યાં તો પાણીના પ્રવાહમાંથી એક પ્રચંડ વંટોળ પ્રગટ્યો કે તે વંટોળે શરીરને ઉછાળીને ભેખડથી ક્યાંયે દૂર, ઉપર ફેંકી દીધું. તે વંટોળની મધ્યમાં તે વેળાએ કોઈક અદ્‌ભુત દર્શન થયેલું. તે દર્શનનું સ્વરૂપ કોઈ સ્થૂળ પ્રકારની માતા જેવું ન હતું. તે દર્શન તો અલૌકિક પ્રકારનું હતું અને તે વેળાએ આમ જે ચમત્કારિક રીતે બચી જવાનું બન્યું, ત્યારથી જ દિલમાં ઊગી ગયું કે, "By His Grace I am meant for something." 'એની કૃપાથી જિંદગીમાં કંઈક થવાને સર્જાયેલો છું !' એવું નિશ્ચિત ભાન જાગ્યું. તે કાળથી એની ભાવના પરત્વે મોં ફરી ગયું અને એ દિશા પરત્વેની ખરેખરી ઉત્કટ, મંથનયુક્ત વિકટ સંગ્રામવાળી ગડમથલની શરૂઆત થઈ. આ ભાવ નીચેની કડીઓમાં આ 'નર્મદાપદે'ની પુસ્તિકામાં વ્યક્ત થયો છે :-

ઓ મૂર્ખ બાળ ! તુજને ક્યમ આમ સૂઝ્યું ?
છે ભાન ના કંઈ તને તુજ ભાવિકેરું,
છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,
છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.

જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,
કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,
તે પંકમાં કમળ કોઈ કદી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે.

જે આદર્યો સતત યજ્ઞ ચલાવજે તે.
મંજિલ તારી હજી દૂર સુદૂર ક્યાંયે,
જેવો પ્રવાહ મુજ અખંડ વ્હેતો,
તેવું વહી વિલીન તત્ત્વમહીં થઈ જા.

આજકાલના બુદ્ધિયુગના જમાનામાં આવી હકીકતને કોઈ માને નહિ એ સ્વાભાવિક છે. આવી હકીકતને બહાર મૂકવી એમાં કેટલાકને ડહાપણ ન પણ લાગે, પરંતુ પોતાને જે સાચો અનુભવ થયો હોય, તે જગતની આગળ પ્રેમભાવે નમ્રતાથી મૂકવો

તે પણ જરૂરનું લાગે છે. આપણે માનતા હોઈએ તે જ માત્ર સાચું છે, અને બીજું સાચું નથી એવી માન્યતામાં એક પ્રકારનો જડ મતાગ્રહ રહેલો છે.

ઉપર દર્શાવેલા અનુભવની હકીકતની શક્યતા ખરેખરી રીતે છે, કારણ કે તે માત્ર Hallucination (ઉત્કટ કલ્પનાનું જ સર્જન) હતું એવું મુદ્દલે નથી. આજે પણ તે દર્શન મારી આંખ સામે જીવંત છે. તે દર્શનમાંથી પ્રભુકૃપાથી પ્રેરણા મળેલી છે. તે ઉપરાંત સાહસ, હિંમત, ધીરજ, સહનશક્તિ, મક્કમતા વગેરે ગુણ અને તેની શક્તિ પણ મળેલાં છે અને તે દર્શનના અનુભવથી ઓચિંતું આપોઆપ જીવનનું જે વહેણ બદલાયું તે કંઈ નાનોસૂનો પ્રસંગ ન ગણાય. આવું બધું માત્ર કલ્પનાની ઉત્કટતાનો ભાવાવેશ લાંબો કાળ ટકી શકતો નથી. તે જીવનપરિવર્તન પણ લાવી શકતો નથી.

શ્રીપ્રભુકૃપાથી શરીરનું ઊગરી જવાનું થતાં આ જીવના જીવનમાં પ્રથમ વાર પ્રાર્થનાનો ભાવ પ્રકટ્યો, અને સર્વથી પ્રથમ ત્યારે આપોઆપ શ્રીનર્મદામૈયાનું પ્રાર્થનાભાવે સ્તવન થયું.

'દીપશિખા', પ્ર. આ., પૃ. ૧ ❑

## (૧૫) ઘૂ...ઘૂ...ઘૂ....

**કવિ મીન પિયાસી**

કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ.
કોયલ કુંજે કૂ...કૂ...કૂ... ભમરા ગુંજે ગૂં...ગૂં...ગૂં...
ચકલા, ઉંદર ચૂં...ચૂં...ચૂ ને છછૂંદરોનું છૂ...છૂ...છૂ.
કૂજનમાં શી કકાવારી, હું કુદરતને પૂછું છું.
ઘૂવડસમા ઘૂઘવાટા કરતો, માનવ ઘૂરકે હું...હું...હું.
કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ.
લખપતિઓના લાખ નફામાં સાચું ખોટું કળવું શું ?
ટંક ટંકની રોટી માટે, રંક જનોને રળવું શું ?
હરિ ભજે છે હોલો પેલો, પીડિતોનો હે પ્રભુ તું.
કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ.
સમતાનો સમય થયો ત્યાં ઊંચું શું ને નીચું શું ?
ફૂલ્યા ફાલ્યા ફરી કરો કાં ફણી ધરો શા ફૂં..ફૂં...ફૂં.
ઘાંઘાં થઈને થોભી જાતા, સમાજ કરશે થૂ...થૂ...થૂ !
કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ.
પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ-દુઃખ પૂછ્યું'તું ?
દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું તું ?
ગેં...ગેં...ફેં...ફેં...કરતાં કહેશો હેં...હેં...હેં...શું...શું...શું ?
કબૂતરોનું ઘૂ...ઘૂ...ઘૂ.

'મૌન બોલે છે', ડિસેમ્બર, ૨૦૧૩, ટા.પે. ૩ ❑

## (૧૬) પૂજ્ય શ્રીમોટાના જીવન અંગે : વક્તૃત્વ-નિબંધ સ્પર્ધા

શ્રી યશવંતભાઈ પટેલ

પૂજ્ય શ્રીમોટાના દેહત્યાગ પૂર્વે અને તેઓશ્રીનાં ચરણે નિવેદન કરાયાની વિગતે અમદાવાદનાં સ્વજનો દ્વારા 'હરિઃૐ સત્સંગ મંડળ'નું એક સંગઠન અસ્તિત્વમાં આવેલું. મોટાભાગનાં સ્વજનો આ સંગઠનનાં નામ અને કાર્યથી પરિચિત છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા પ્રાથમિક શાળાના ઓરડાઓના બાંધકામ માટે જે સહયોગ અપાયો છે. તે પણ હવે તો સુવિદિત છે. હરિઃૐ સત્સંગ મંડળના કાર્યકરોને વિચાર આવેલો કે પ્રાથમિક શાળાનાં બાળકોને પૂજ્ય શ્રીમોટાના જીવન અંગે પ્રાથમિક જાણકારી મળે તો ભવિષ્યના નાગરિકો માટે એ લાભદાયી બની શકે. ખાસ કરીને કુટુંબની ગરીબીમાં અભ્યાસ માટે શ્રીમોટાએ જે પરિસ્થિતિનો સામનો કર્યો તે ઉપરાંત, હિંમત, સાહસ, સદ્‌ભાવ વગેરે શ્રીમોટાના ગુણોથી પણ બાળકો પ્રોત્સાહિત થઈ શકે.

પ્રાથમિક શાળાનાં બાળકોને શ્રીમોટા અંગેનું સાહિત્ય મુખ્યત્વે 'બાળકોના મોટા', 'વિદ્યાર્થી મોટાનો પુરુષાર્થ'ની પુસ્તિકાઓ અપાય. તેમના શિક્ષકોને 'તરણામાંથી મેરુ' અને 'ભગતમાં ભગવાન'નું સાહિત્ય અપાય અને બાળકોમાં વક્તૃત્વ અને નિબંધ લેખનની સ્પર્ધાઓ યોજાય તો સત્સંગ મંડળના વિચારને આકાર મળી શકે. ખેડા, બનાસકાંઠા, સાબરકાંઠા વગેરે જિલ્લાઓમાં આ પ્રકારની સ્પર્ધાઓ ઉત્સાહપ્રેરક રહેલી. જેના અનુસંધાને અમદાવાદ નગરની ૩૦૦ જેટલી પ્રાથમિક શાળાઓમાં આવી સ્પર્ધાઓ યોજવાની ભાવનાથી સ્કૂલ બોર્ડના નાયબ શાસનાધિકારી શ્રી નલિનીબહેન પોપટાણી, શાસનાધિકારી શ્રી ડૉ. એલ. ડી. દેસાઈને મળ્યા બાદ સ્કૂલ બોર્ડના મા. ચૅરમૅનશ્રી જગદીશભાઈ ભાવસાર સમક્ષ ઔપચારિક રીતે સત્સંગ મંડળે દરખાસ્ત રજૂ કરી હતી. તેનો પ્રતિભાવ ઘણો જ ઉમળકાભર્યો હતો અને નજીકમાં આવતા પૂજ્ય શ્રીમોટાના જન્મદિન ભાદરવા વદ-૪ના રોજથી સ્પર્ધાઓનો પ્રારંભ કરવાનો નિર્ણય લેવાતાં તેને અનુરૂપ તમામ શાળાઓને વહીવટી સૂચનાઓનો પરિપત્ર ઈસ્યુ કરી તા. ૨૩-૯-૨૦૧૩થી સ્પર્ધાઓ શરૂ કરાઈ હતી.

નગરની પ્રાથમિક શાળાઓને ચાર દિશાના ચાર ઝોન ઉપરાંત, હિંદી શાળાઓ અને ઉર્દૂ શાળાઓ એમ કુલ છ ઝોનમાં તબક્કાવાર સ્પર્ધાઓનું આયોજન કરાયું હતું.

સૌ પ્રથમ શાળા સ્તરે ત્રણેક હજાર બાળકોએ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાં વિજયી બનેલાં ૧૨૦૦ જેટલાં બાળકોની બીટ કક્ષાએ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં ૧૬૦ બાળકો અને તે બાદ ઝોન કક્ષાની હરીફાઈમાં ૩૮ સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા. નિબંધ લેખનના ૧૯ અને વક્તૃત્વના ૧૯ એમ કુલ ૩૮ વિજેતાઓની આખરી સ્પર્ધા ટાઉનહૉલ ખાતે તા. ૧૪-૧૨-૨૦૧૩ના રોજ યોજવામાં આવી હતી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સ્કૂલ બોર્ડના પદાધિકારીઓ તેમ જ ચૅરમૅનશ્રી સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય શ્રીમોટા ઉપર જેઓએ પીએચ.ડી. કરેલ તેવા અને સ્કૂલ બોર્ડના પૂર્વ ચૅરમૅન ડૉ. કૌશિકભાઈ મહેતા ખાસ હાજર રહ્યા હતા. હરિઃૐ આશ્રમ, નડિયાદના મા. પ્રમુખશ્રી ડૉ. ગૌતમભાઈ પટેલ, હરિઃૐ આશ્રમ, સુરતના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી ધીમંતભાઈ ઘીવાલા અને ટ્રસ્ટી શ્રી નવીનભાઈ ગાંધી, ટ્રસ્ટી શ્રી

કનૈયાભાઈ છત્રપતિ, 'હરિવાણી ટ્રસ્ટ'ના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી ગિરીશ પંડ્યા, ટ્રસ્ટીઓ, સત્સંગ મંડળના પદાધિકારીઓ, કાર્યકરો, બાળકોને તૈયાર કરનાર શિક્ષકવર્ગ, બાળકોના વાલીઓ અને અનેક સ્વજનોની ઉપસ્થિતિના કારણે આખા પ્રસંગનું એક અનોખું સ્વરૂપ અનુભવાતું હતું.

વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાના છ નિર્ણાયકો તરીકે શ્રી હરિવદન છીંકણીવાળા, કબીર મંદિરના મહંત શ્રી નિર્મલદાસજી, શ્રી ગિરીશ પંડ્યા, શ્રી ઉદેસિંહ ડાભી, શ્રી રસિકભાઈ ભાવસાર અને શ્રી વિમળાબહેન પટેલે સેવાઓ આપી હતી.

જે બાળકોએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો, તેઓએ આત્મવિશ્વાસથી અને જરા પણ ગભરાયા, થોથવાયા કે વચ્ચે અટક્યા વિના પોતાના વિચારોને વાચા આપી હતી. બધા સ્પર્ધકો સમાજના નીચલાં સ્તરનાં બાળકો હતાં. મુસ્લિમ-તેમ જ હિંદી ભાષી બાળકોની રજૂઆત પણ અસરકારક હતી. શિક્ષકોના પરિશ્રમને બાળકોએ પૂરી દાદ આપ્યાનું જણાયું હતું.

સ્પર્ધાને અંતે પરિણામો જાહેર કરવાની ફરજ બજાવતાં શ્રી ઉદેસિંહ ડાભીએ બાળકોના પરફોર્મન્સની ભરપૂર પ્રશંસા કરી હતી. શિક્ષક-વર્ગને પણ અભિનંદન આપી કેટલાંક રચનાત્મક સૂચનો પણ કર્યાં હતાં. અંતિમ પરિણામ જાહેર થતાં તમામ વિજેતાઓ દીકરીઓ હતી.

(૧) નિશા પિતાંબર જહાં, (૨) જ્યોતિ મગનભાઈ પટ્ટણી, (૩) કાજલ કિરીટભાઈ સોની, (૪) શિષ્યા નવઘણભાઈ ભંકોડીયા, (૫) જાહ્નવી વિજયભાઈ બારી અને (૬) લતા કાંતિભાઈ મુંજાણી પ્રથમ નંબરના બંને વિજેતાઓને હીરો સાઈકલ ઈનામમાં અપાઈ હતી. અન્ય વિજેતાઓને અને દરેક સ્તરે જે જે વિજેતાઓ હતા તે તમામને વિવિધ પ્રકારનાં ઈનામો અપાયાં હતાં. ઈનામો અંગેની નાણાકીય જવાબદારી હરિઃૐ આશ્રમ, સુરતના ટ્રસ્ટીમંડળે સંભાળી હતી, જે ખાસ ઉલ્લેખનીય અને પ્રશંસનીય હિસ્સો સમગ્ર સ્પર્ધાઓનો રહેલો છે. તેમની આવી એકાદ લાખ રૂપિયાની સહાય સમગ્ર કાર્યક્રમની કરોડરજ્જુ સમાન ગણાય. બાળકોને તથા શિક્ષકોને પૂજ્ય શ્રીમોટાનાં જે પુસ્તકો પૂર્વ તૈયારી માટે અપાયાં હતાં તેનો સહયોગ પણ અગાઉની પ્રણાલિકા પ્રમાણે 'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા અપાયો હતો.

સમારંભને અંતે પ્રાસંગિક પ્રવચનોમાં ડૉ. ગૌતમભાઈ પટેલે આ પ્રયાસની પ્રશંસા કરી પૂજ્ય શ્રીમોટાનો રાજીપો અનુભવાતો હોવાનું જણાવી દર વર્ષે આવી સ્પર્ધાઓ થાય તે ઈચ્છનીય ગણેલું. શ્રી ધીમંતભાઈ ઘીવાલાએ આશ્રમની પ્રવૃત્તિની વિગતો જણાવી પૂજ્ય શ્રીમોટાનાં સાહિત્યમાંથી બાળકોને પ્રેરણાઓ મળી શકે, ખાસ કરીને એકાગ્રતાના ગુણ અંગે તેની જાણકારી આપી હતી. ડૉ. કૌશિકભાઈએ પોતે શ્રીમોટા અંગે સંશોધન-થિસિસ કરી પીએચ.ડી.ની ડિગ્રી મેળવી તેની તેમ જ જીવનમાં આવેલ વળાંક અંગે પણ રસભરી વાત કહી હતી. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-સ્કૂલ બોર્ડના ચૅરમૅનશ્રી જગદીશભાઈએ સ્પર્ધાના કાર્યક્રમથી ખુશી અનુભવી હતી અને મ્યુનિસિપલ શાળાઓના શિક્ષણનો વ્યાપ અને ગુણવત્તા વધે તે માટે પોતે સતત ચિંતન કરતા હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમના અંતે હરિઃૐ સત્સંગ મંડળના માનદમંત્રી અને જેઓની ઉત્સાહપૂર્વકની જહેમતથી સ્પર્ધાઓ યોજાઈ તેવા શ્રી નીતિનભાઈ રામીએ આભાર વિધિની ફરજ અદા કરી હતી.

સમગ્ર સમારંભનું સુચારુ સંચાલન શ્રી જિજ્ઞાસાબહેન જાનીએ કર્યું હતું. હરિઃૐ ❑



'હોકાયંત્રની સોય જેમ, મુખ ઉત્તરમાં નિત્ય રાખે છે,
અભિમુખતા પળ ત્યજે ન, છો કોઈ યંત્ર ફેરવી નાંખે છે,
તદ્વત્ જાગ્રત્સુષુપ્તિસ્વપ્ને, મુમુક્ષુ આત્મા ઝાંખે છે,
વિધવિધ દુઃખની પ્રતીતિઓને, સ્વરૂપલીલા લહી સાંખે છે,
સુખ વિણ ક્યાંહિ ન બીજું જોવું, વિવેકીનું વ્રત છે એવું.'

- શ્રીમન્નૃસિંહાચાર્યજી

'વિશ્વવંદ્ય કિરણાવલી ભાગ-૧' પ્ર. આ., માંથી સાભાર

**HARIBHAV FEBRUARY - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014



શ્યામ બિના મોહે ચૈન ન આયે,
નિંદ ન આયે અખિયનમેં,
સબકુછ ત્યાગ ચૂકી ફિર ભી ક્યોં,
શ્યામ ન આયે મધુબનમેં ?
પ્રાણ સમર્પિત કરું યે હી બસ,
અંતિમ ઈચ્છા તનમનમેં,
ચલી આત્મવિલોપનકે કારન,
યમુનાજી કી શરણનમેં!

- શ્રીરાધાજી

'શ્રીરાધાવતાર', પ્ર. આ., પૃ. ૫૩. સાભાર
લેખક : પ્રિ. ભોગીભાઈ સી. શાહ

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad, Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com